
# એકતારો



ઝવેરચંદ
મેઘાણી



| | | | |
|---|---|---|---|
| ૧ | રઢિયાળી રાત | ભા. ૧ | ૦—૧૦—૦ |
| ૨ | ,, | ભા. ૨ | ૦—૧૨—૦ |
| ૩ | ,, | ભા. ૩ | ૦—૧૦—૦ |
| ૪ | ચૂંદડી (લગ્નગીતો) | ભા. ૧ | ૦—૧૦—૦ |
| ૫ | ,, | ભા. ૨ | ૦—૧૨—૦ |
| ૬ | ઋતુગીતો | | ૦—૧૨—૦ |
| ૭ | સોરઠી ગીતકથાઓ | | ૧—૦—૦ |
| ૮ | કંકાવટી (વ્રતસાહિત્ય) | ભા. ૧ | ૦—૮—૦ |
| ૯ | ,, | ભા. ૨ | ૦—૧૪—૦ |
| ૧૦ | દાદાજીની વાતો | | ૦—૮—૦ |
| ૧૧ | સૌરાષ્ટ્રની રસધાર | ભા. ૧ | ૧—૮—૦ |
| ૧૨ | ,, | ભા. ૨ | ૧—૮—૦ |
| ૧૩ | ,, | ભા. ૩ | ૧—૮—૦ |
| ૧૪ | ,, | ભા. ૪ | ૧—૮—૦ |
| ૧૫ | ,, | ભા. ૫ | ૧—૮—૦ |
| ૧૬ | સોરઠી બહારવટીઆ | ભા. ૧ | ૦—૧૨—૦ |
| ૧૭ | ,, | ૨ | ૧—૪—૦ |
| ૧૮ | ,, | ૩ | ૧—૮—૦ |
| ૧૯ | ધરતીનું ધાવણ (લોકસાહિત્ય) | ભા. ૧ | ૨—૦—૦ |
| ૨૦ | સોરઠી સંતો | ભા. ૧ | ૦—૧૨—૦ |
| ૨૧ | પુરાતન જ્યોત | | ૧—૮—૦ |
| ૨૨ | સોરઠ તારાં વહેતાં પાણી | | ૨—૮—૦ |
| ૨૩ | સમરાંગણ | | ૧—૮—૦ |
| ૨૪ | વસુંધરાનાં વહાલાં દવલાં | | ૧—૮—૦ |
| ૨૫ | રા' ગંગાજળિયો | | ૧—૮—૦ |
| ૨૬ | વેવિશાળ | | ૧—૪—૦ |
| ૨૭ | ગુજરાતનો જય | | ૧—૮—૦ |

# એકતારો

સ્વતંત્ર ભજનો તેમ જ
અન્ય ગીતોકાવ્યોનો સંગ્રહ

લેખક
ઝવેરચંદ મેઘાણી

પહેલી આવૃત્તિ : સપ્ટેમ્બર : ૧૯૪૦

એક રૂપિયો

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય

૨૨૫૦૫

મુદ્રક : મનુભાઈ અમૃતલાલ શેઠ સ્વાધીન મુદ્રણાલય : રાણપુર

પ્રકાશક : ઝવેરચંદ મેઘાણી : ફુલછાબ કાર્યાલય : રાણપુર [કાઠિયાવાડ]

અ ર્પ ણ

એકતારાનાં બન્ને ચિત્રો આલેખનાર
સ્વયંનિર્મિત કલાકાર ભત્રીજા

**શ્રી લાભચંદને**

# આત્મનિરીક્ષણ

**શબ્દોના** સોદાગરો : કવિજનોને, સાહિત્યના સર્જકોને એ નામે ઓળખાવવા ઉચિત નથી ? સોદાગર એટલે દેશદેશાન્તરે ઘૂમતો, જૂજવા સીમાડાનો પરિભ્રમણશીલ વ્યાપારી. હાટડું માંડીને એ બેસે નહિ. એની વણઝાર સાહસોને નોતરતી ચાલે. અણખેડયા પંથ એને ડરાવે નહિ, અણદીઠી ભોમ એને અકળાવે નહિ, નવલા પ્રદેશોનાં એ અન્નોદક ચાખે. એની હાલવેલી પોઠયોમાંથી સ્થલેસ્થલની માલ-આપલે ચાલે. સોદાગર શબ્દ સર્વોચિત છે, કારણ કે વિચારો અને ઊર્મિઓના કાફલા વહન્તો સાહિત્યક વિશ્વપ્રવાસી છે, સાહસશૂર છે, ધૂની છે, અને એ બધાંથી યે ચડી જાય તેવું તેનું બિરદ તો છે, પોતાના પ્રિય ઘરસંસારથી લાંબા વિજોગો, સ્વૈચ્છિક દેશવટાઓ લેવાનું. એના કેડા એકલતાએ ઘૂઘવતા હોય છે. છતાં એ તો વ્યવહારી સોદાગર છે, વિવેક એનું મોટું લક્ષણ છે.

'ઉપડ ધણીને દ્વાર !'

પણ શબ્દોના સર્વ સોદાગરોમાં યે વિલક્ષણ ને વિષમપંથી તો કવિતાકાર છે. એને આપણે ઓળખ્યો છે અતરિયો, સુરૈયો કહીને. 'આપણ કાંધે લઈ ગઠડિયાં, ઉપડ ધણીને દ્વાર !' એ બાંધ્યું છે મેં કવિ–સુરૈયાનું નિરાળું સ્વરૂપ. એનો અસબાબ એણે એની કાંધ પર જ ઉપાડવાનો હોય છે. એની કૂંપીઓમાં અર્કો, નિષ્કર્ષો ભર્યાં છે. એની કવિતાની પોઠો કે કાફલા નથી હલવાતાં.

એના પ્રત્યેક શબ્દપૂંભડાની ધ્વનિ ભરતી ફોરમને માટે માનવસંસારના ઊકળતા ચરૂમાં અજબમુખ પ્રાણ પરિતાપે બફાયા હોય છે. એણે જે સુગંધ નીચોવી છે તે કોટિ કોટિ જનહૈયાંનાં સંવેદનોમાંથી નીપજેલ હોય છે. ઉઠાવાને એણે 'ધણીને દુવાર' ઊપડવાનું હોય છે. 'ધણીને દુવાર': માલિકની સન્મુખ: કવિનું આખરી મુકામ ઈશ્વરનું આંગણું છે. 'ધણીને દુવાર' એ શબ્દ ભજનવાણીનો છે. રવીન્દ્રનાથે કરેલી કવિ–પ્રયાણની કલ્પના પણ

नीरव जिनि
ताहार पाये
नीरव वीना दिबो धरि

'બધાં ગાનો ખતમ કરીને, આખરમાં મારી નિઃશબ્દ વીણાને તો હું એ 'નીરવ'ને જ ચરણે ધરી દઈશ' એજ છે:

## સ્વાનુભવો ને પરાનુભવો

હું આ લખું છું તે શું ખરે જ અંતરમાં અનુભવું છું ? કવિતાકાર, સાહિત્યનો સર્જક શું સાચોસાચ નિજલખ્યું બધું સ્વાનુભવમાંથી નીતારે છે ? 'ગરજ કોને ?' નામનું આમાંનું ભજન મેં એક ચિંતનગામી, યોગભક્તિના આરાક અધ્યાપક પાસે ગાયું ત્યારે એણે પણ મને પ્રશ્ન કર્યો કે તું આ પ્રભુ–તલસાટનો અનુભવ કરી શકે છે ? 'પ્રભુ' નામે ઓળખાતું કોઈ એક અગમ અગોચર સત્વ, માનવીને ખોજવા, મેળવવા, પોતાની પાસે ખેંચવા, પોતાના આત્મવિકાસની ભૂમકા લગી ચડાવવા વલવલે છે; મત્સ્યાવતાર ધરી માનવજીવને જળમાં ગોતનારો, વરાહ રૂપે કાદવમાં ઢૂંઢનારો કોઈક ચૈતન્યજ્યોતિ યુગાન્તરોથી ઉત્ક્રાંતિક્રમ દ્વારા જીવને શિવસ્વરૂપે પામવા મથે છે અને જળ, કીચડ, પથ્થર, વન-

સ્પતિ, પંખી ને પશુકોટિમાંથી છેવટે માનવ–ભૂમિકામાં તો લઈ આવ્યો છે, તોયે હજુ તલસે છે: માનવી પ્રભુ માટે નહિ પણ પ્રભુ માનવી માટે તલસે છે! એવો જે 'ગરજ કોને?' ના પદ વાળો ભાવ, તે શું પદનો રચયિતા પોતાના ઊર્મિતંત્રમાં અનુભવે છે? તલસતા પરમ ચૈતન્યસ્વરૂપની એને આત્મપ્રતીતિ થાય છે?

અધ્યાપક મિત્રના એ પ્રશ્નનો ઉત્તર મેં નકારમાં વાળ્યો. ભક્તો પોતાના અનુભવો ગાતા હશે, કવિતાકારોનો એક સમૂહ પોતાનાં ઉર–સંવેદનોને શબ્દસ્થ કરતો હશે. પણ બીજો એક સમૂહ છે, જે બહુધા પરાનુભવોને જ પોતાના ઊર્મિ–તંત્રની વીણા કે એકતારા પર બજવવા મથે છે. એટલે કે મુખ્યત્વે એ કલ્પક છે, નિજાનુભવી નથી. ઉદાહરણ લઈએ: પીડિતો દુઃખિતોનાં પદો ઘણાએ ગાયાં છે. મેં પણ ગાયાં છે. એમાંનાં કેટલાંક પરભાષામાંથી મેં જેમ આપણી ભાષામાં ઉતાર્યાં છે, તેમ બીજાં કેટલાંક જેને વ્યવહાર વાણીમાં મૌલિક નામે ઓળખવામાં આવે છે તે પણ વસ્તુતઃ મૌલિક નથી, એટલે કે તેનાં મૂળ રચનારના પોતાના પીડિતપણામાં નથી બાઝેલાં. પરભૂમિમાં ઉગેલ રોપાઓને પોતાને આંગણે લાવીને ચોંપનાર માણસની માફક. પરપીડનના સંવેદનોમાંથી ઉદ્‌ભવેલા એ ભાવોને મેં મારી કલ્પનાભોમમાં માત્ર રોપ્યા છે. ભોગવનાર, અનુભવનાર, વેદનાનાં હળો વડે ખોદાઈ જનાર ભોંય પારકાં હૈયાંની છે; કવિતાકાર એ સંવેદનોના સીધા પરિસહનાર તરીકેનો દાવો કરી શકે નહિ.

## સંવેદનની ખરલમાં

યૂથિકાએ ગાયું છે ગ્રામોફોનની તાવડી ઉપર: 'કે.ઈ કહીયો કહીયો કહીયો રે હરિ આવનકી.' મીરાંનાં બીજાં યે ઘણાં પદો એણે ગાયાં છે. ગાન એનું છે, તલસાટ એના નથી. મીરાંના છે. મીરાંની ભસ્મ ઉપર ચાર સૈકાના વાયરા વાઇ ચુક્યા છે. આજની ગાનારી

એ સૈકા–જૂના સૂક્ષ્મ પરાનુભવને પોતાના ગળામાં કોતરે છે. ગાનારી ભેખ લઇને, રાજવૈભવ ત્યાગીને, પતિને ય તરછોડીને, વૃંદાવનમાં વિચરવા નીકળી નથી પડી, ગાનારનું હૃદય પણ, મીરાંની પ્રભુપ્રીતે રંગાયું રસાયું હરદમ તો નહિ રહેતું હોય. ગાનારે ભગવો કે ધોળો વેશ પહેર્યો નહિ હોય. ગાનારી જેમ મીરાંની મનોભૂમિમાં પહોંચેલી નહિ હોય, તેમ બીજે પાસે મીરાંની નકલ, બનાવટ પણ નથી કરતી. એણે એનાં ગળામાં પરનું સંવેદન ઘૂંટયું છે. એ જ સ્વધર્મ કવિતાકારનો સમજવો. એ ઘૂંટે છે કલ્પનાવતી ઊર્મિ-તંત્રની ખરલમાં: પણ એ ઘૂંટે તો છે પારકાના જ અનુભવ. એવાઓની જમાતમાં આપણું સ્થાન હોય તો બસ છે.

## અસલી કે નકલી

કવિઓ એટલે તો વેદવાણીમાં કહેલા ઋષિઓ : આર્ષદૃષ્ટાઓ: પરમ સત્યના પયગમ્બરો પેખન્દાઓ: એ જ કવિઓ પોતાનાં પારગામી ચક્ષુઓનું ખચીત દીઠેલું ગાય. કવિતાકારો એવા આર્ષદૃષ્ટિનો તો શું પણ ઉંબર લગીની યે ભૂમિને નિહાળી શકવાનો દાવો ન કરી શકે. સ્વાનુભવલક્ષી કવિતાના રચનાકારો પણ જો ઝીણવટથી તપાસશે તો એમણે ગાયો હોય તે 'સ્વાનુભવ' કિંચિત જ પોતાનો અનુભવ હશે. પરાનુભવના પડઘાને જ ઘણુંખરું એ સ્વાનુભવમાં ઘટાવતા હોય છે. વિશ્વકવિતાના પ્રચૂર વારસાની આપણને આજે સુકર પ્રાપ્તિ થઈ ચૂકી છે. એના ગાઢ પરિચયે આપણને ઉચ્ચારણની સરલતા સંપડાવી છે. એ સરલતાને આપણી કલ્પનાસૃષ્ટિમાં અનેક–વિધ ખેલો ખેલાવીએ છીએ ને એ ખેલનમાં આપણી થોડીક ક્ષણોની સહૃદયતા મૂકીએ છીએ. તેને પ્રતાપે જ આજની કવિતા સરજાય છે. મીરાંને ગાવામાં જેવી સહૃદયતા યૂથિકાએ કેળવી છે તેના જેવી આપણી સહૃદયતા આપણાં પરાનુભવગાનમાં

આપણે સીંચીએ, તેટલે અંશે એ કવિતા સાચી બની એમ કહેવાનો આજે શિષ્ટાચાર છે.સહૃદયતાનું પ્રમાણ જેમ અલ્પ, તેમ તે કવિતાને વધુ નકલી કહેવાનો રિવાજ છે.

## પ્રયોગકારો છીએ

પણ આપણી ઘણીખરી કવિતા મૂળે તો નકલી જ છે. છતાં એમાંની સર્વોત્તમ નકલ એ કે જે તત્ક્ષણ પૂરતી દિલસચ્ચાઈએ વિભૂષિત : બાકીની બધી બનાવટપણાથી દુષિત : 'ઊછી ઉધારા અરક લઇ માંહી ભેળે તેલ ધૂપેલ : એ રે સૂરૈયાની કૂડી ચાલાકી, નારીરંજણ ખેલ !' ઉત્તમ કવિતાકારો કુશળ કસબીઓ હશે ખરા કવિઓ ન યે હોય. એવું કથન તુચ્છકાર નથી સૂચવતું. કુશળ કસબીપણું પણ કંઈ રસ્તામાં પડયું છે ! योगः कर्मसु कौशलम् : એ તો યોગ છે. એ છે પ્રયોગકારોનો યોગ. ઘણાખરા પ્રયોગો જ કરનારા છીએ. નાના પ્રકારના કલ્પના-પ્રયોગો કરી, નાના પ્રકારના લાગણી–પ્રયોગો કરી, નાના પ્રકારના ભાષાછંદોના પ્રયોગો કરી કરી આપણે પરાનુભવોનું એવું ઉચ્ચારણ શોધીએ છીએ, કે જે પરજનોને પોતાના હૈયે વારંવાર રમતું લાગ્યા કરતું હોય છતાં રમ્ય સ્વરૂપે પ્રકટ કરતાં ન આવડતું હોય : 'what oft was thought but never so well expressed.' આંગલ કવિ પોપની, કવિતા વિષેની આ પિછાન મને સ્વીકાર્ય છે. આપણો સ્વધર્મ, અનેક હૈયામાં રમી રહે તેવાં વાણી-સ્વરુપો ઘડવાનો છે. જન જનને ઊર્મિ–બારે એના આતમતત્ત્વને ભાવતાં * ટોપરાં તેજાનાનાં વ્હાણો નાંગરતા તમે સાહસશૂરની ખુમારી ભર્યા સોદાગરો છો કવિતાકારો ! તમે પરમ જ્યોતિના પારદર્શીઓ નથી.

પરાનુભવોને ઝીલવા, એ પણ ઉગ્ર સાધના માગી લે છે. આતમની એરણ પરે એ પરાનુભવનો હથોડો પડે છે, તે ક્ષણે શબ્દ–તણખા

ઝરે છે, રગેરગ કડાકા થાય છે, ત્યારે શબ્દો ગોઠવાય છે, ને એ શબ્દરચનાઓ કરી કરીને ય આખરે એ કવિ, 'ખાંપણમાંય તારે ખતા પડશે.' તારા શબને કફનનો ટુકડોય કદાચ નહિ મળે. તારાં તનની ખાખ થશે, પણ તે પછી ય તારા શબ્દો તો પંથવિહોણા પથિકોને વાટદેખાવણ દીવડા બની રહેશે.

## ભજનનું વાહન

'પ્રયોગકારો' કહ્યા મેં આજના કવિતાકારોને. 'યુગવંદના' પૂર્વેનાં 'વેણીનાં ફૂલ' ને 'કિલ્લોલ'માં જૂજવા પ્રયોગો જ હતા. 'યુગવંદના' પણ પ્રયોગોની જ એક પોઠય હતી. એમાં ભજનની ભાવલઢણમાં તેમ જ ઢાળલઢણમાં થોડી રચનાઓ કરી હતીઃ 'ઊંડી રે નીંદરૂમાં અમે સાંભળ્યું રે ધરતી માગે છે ભોગ !' એ પહેલો પ્રયોગઃ 'વીરા મારા પંચ રે સિંધુને સ્મશાન' એ બીજોઃ ને 'ઘણ રે બોલે ને એરણ સાંભળે હો જી' એ ત્રીજો. પહેલો પ્રયોગ એક ધર્મપુરુષે દોરવ્યા સૌપહેલા પ્રજાસંગ્રામ પર અજમાવ્યો, બીજો પ્રયોગ એક માનવીના વધસ્થંભારોહણના પ્રસંગ પર, ને ત્રીજો એક વ્યાપક વિશ્વસ્થિતિ ઉપર. એ ત્રણ પ્રયોગોએ ઊપલી નીચલી સર્વ સાહિત્યરસ-કોટિઓનાં શ્રોતાજનો પર મેળવેલી સફલતાથી એક ખાત્રી થઈ; કે ભજન એ કાવ્યનું જૂનવાણી વાહન નથી, એ કવિતાસ્વરૂપમાં સનાતન તાકાત ભરી છે; ને એ શક્તિસ્વરૂપ કેવળ વૈરાગ્ય અને આધ્યાત્મિકતાનું જ નહિ પણ આત્મસમર્પણ, યુદ્ધ અને સામાજિક અવસ્થાની વિષમતાના આધુનિક (ખરૂં જોતાં તો સર્વકાલિન) ભાવોનું પણ ગરવું ગંભીર વાહન બની શકે તેવા છે. ને હકીકતે જોઈએ તો સોરઠી ભજનિકોએ ઘેરી ઘેરી ભજનવાણીના પ્રયોગે વીર, રૌદ્ર, કરુણ, શૃંગાર વગેરે સર્વ પ્રકારના રસોને પ્રકટ કરવામાં ક્યાં નથી અજમાવ્યા ?—

૨૨૬૦૫

'ગરવે નેજા ઝળેળ્યા
'ગરવે નેજા ઝળેળ્યા રે
'ગરવો ધણેણ્યો વાજાં વાગશે હો જી.'

એ પદના સંગ્રામોચિત સ્વરો.

'સોળ રે કળાનો સુરજ ઊગશે
'તપશે તે દિ' બાળોબાળ રે
હાં–હાં–હાં

'ધરતીનાં દોય પડ ધ્રૂજશે
'હોશે તે દિ' હલહલકાર રે
હાં–હાં–હાં

'પીર રે પોકારે મુંજાં ભાવરાં!'

એવા જેસલ પીરના રૌદ્ર પુકાર.

'ધરતી માથે હેમર હાલશે સૂના નગર મોઝાર,
'લખમી લૂંટાશે લોકું તણી એની નવ બૂમ કે ન વાર,
'પોરો રે આવ્યો સંતો પાપનો
'ધરતી માગે છે ભોગ!'

એવી વ્યાપક સતાવણીના આગમ–બોલ.

'સેજ પલંગ માથે પોઢતાં
'બાળુડા! સેજ પલંગ માથે પોઢતાં;
'એવાં પથરે પોઢાડયાં નાનાં બાળ....ગરનારી!'

એવી કરુણાર્દ્ર શિષ્ય—વાણી.

'એ જી જેસલ !
'તમે રે હીરો ને અમે લાલ !
'એકી એ દોરામાં દોનું પ્રોવિયાં હોજી !'

એ પ્રેમોદ્‌ગાર.

ભજન-વાણીની એ ભાવેભાવમાં રમતી શકયતા રાત્રિઓ પછી રાત્રિઓના નિસ્તબ્ધ પ્રહરોમાં આપણા શ્રવણે પડે છે. એના બોલ, લહેકા અને સંધઝીલાતા સ્વરારોહો ને અવરોહો, કોઈ ધુઘવતા મહેરામણની લહરમાળ જેવા આપણા પ્રાણને લહેરાવે છે. એના બોલ અને ધ્વનિ-ઘોર જાણે નાદબ્રહ્મમાંથી નીતરતા હોય છે. સમૂહ-સંગીતની એમાં પરાકાષ્ટા છે. એ નાદબ્રહ્મની ઉપાસનાનું, પ્રત્યેક શનિવાર, પ્રત્યેક અજવાળી બીજ, આજના સર્વભક્ષી ધ્વંસની વચ્ચે પણ, કાવ્ય-સંજીવિની છાંટતું અકેકું પર્વ છે.

## 'એકતારો' નામ કેમ?

ભજન-વાણીનાં એ તંતુઓ પકડવાનો મારો પ્રયાસ વધુ મજબૂત બન્યો છે. એના પ્રયોગ મેં 'મુંબઈની શરાબબંધી' જેવી કે ઠક્કર બાપાની એંશીતેરમી જન્મ-જયંતી જેવી પર્વણી માટે કર્યા છે. 'તકદીરની ત્રાજૂનારી'નું નિગૂઢ રૂપક મેં એ ભજન-પ્રયોગમાં ઢાળ્યું છે, ને છેલ્લે તો 'ધણીને દ્વાર' જઈ આ પ્રયોગ 'સંહારના સ્વામી'માં વિરમ્યો છે. વીસેક આમાં ભજનો છે, બાકીની જૂજવી રચનાઓ છે, એ સર્વના નાનકડા સંગ્રહને 'એકતારો' એવું નામ આપવામાં મેં મારાં મુખ્ય નવાં વલણોને અગ્રપદ આપ્યું છે.

### પીડિત–ગીતોનો ઝોક

પ્રલયની ફૂંકો તો પીડકોનાં કાવ્યોમાં લગાવે છે કવિતાકારો. કટાક્ષોના ઉગ્ર દંશ દે છે ને પીડકોને દઝાડે છે. પણ ભજનની વાણીમાં પ્રવેશ્યા પછી તો પલેપલ ઉદ્ભગ્યા છે આખરી કલ્યાણના જ ઉદ્ગારો. ઉચ્છેદકોને સંબોધ્યું છે કે—

'વીરા ! એક બીજ વાવીએ ન જાણ્યું
'તો લાખ ઝાડ કેમ બાળ્યાં ?
'વીરા ! એક બુન્દ નીર ના ઉતાર્યું,
'જૂનાં નવાણ કેમ ટાળ્યાં !' (ભ્રાંતિ)

નર્યા 'વેગ'ને પંથવિહોણો પેખ્યો; ને સંહાર કરતાં સર્જનની જ શક્તિ સત્કારી. 'સંહાર'ની બ્રહ્માંડો છૂંદતી ફાળો કરતાં સર્જનનાં નાનાં ને સુકુમાર પા પા પગલાં વધુ ને વધુ પ્રભાવશાળી દેખાયાં છે. 'યુગવંદના'માં 'કરાલ કાલ'ને અને ઉચ્છેદક 'ઓતરાદા વાયરા'ને આહ્વાન દેનારી રૂચિ આજે તો 'સંહારના સ્વામી'નું રૌદ્ર રૂપ ગાતી ગાતી પણ આખરે દીનભાવે ભાખે છે કે–

'સંહારના સ્વામી! તુંને વંદના હો જી;
'તું છો શિવ અને છો સુંદર
'તું છો સત્ય અને છો મંગલ રે
'આખર તો એવાં રૂપે રાજજો હો જી.'

### અંતિમ મંગલતા

વિશ્વના પરમ કલ્યાણકર તત્ત્વની આ અંતમતા તરફ આપણા અંતરનું ઢળવું, એ કેટલું અગોચર અને રહસ્યભર્યું છે ! જૂના કાળનું મારૂં 'વીર જતીન્દ્રને' જોઉં છું ને નવું 'ફાટશે અગ્નિથંભો' એની સાથે

મીંડવું મૂક્યું. બેઉ આમાં મૂક્યાં છે. જતીન્દ્રના આત્મસમર્પણને બિરદાવવા જતાં શબ્દોમાં કટુતા, ઉગ્રતા, કંઈક અંશે ફિશિયારી આવી છે. ને સમાપ્તિમાં—

'રજ રજ નોંધી રાખશું, હૈય, બીય હિસાબ,
'અવસર આવ્યે માગશું, કિસ્મત પાસ જવાબ
'માગવા જવાબો એક દિન આવશું,
'ભૂખરી પતાકા સંગમાં લાવશું
'અમારા રક્તના હોજ છલકાવશું
'માતનો ધ્વજ ફરીવાર રંગી જશું.'

એવી દાંત-કચકચાટી છે. તેની સામે નવા 'ફાટશે અગ્નિથંભો'માં નિર્દોષ પ્રજાજાગૃતિ રૂપી પ્રહ્‌લાદ પર કેર ગુજારનારા પીડકને માટે આખરી અંજામ તો, હિરણ્યકશ્યપુનો થયો હતો તેવો જ કલ્પ્યો છે, કલ્પના તો એજ કારમા રૂપમાં કરી છે કે બરાબર સંક્રાંતિના ઊંબર પર પ્રજાત્વનો ધગેલો થંભ ફાટશે, પણ સંહારતત્વની બિભીષિકા તેટલે જ અટકે છે અને ગવાયું છે કે—

'ને ત્યાંથી કોણ નરસિંહ?—ના, ના, કોક નવે રૂપે,
'અપાપી પાપીની સૌની ઊઠશે અંબિકા રૂપે.'

એ જ મંગળ તત્ત્વની અંતિમ પ્રતિષ્ઠા, પરઆંગણેથી આણેલા રોપ 'કાંતનારાં'માં પણ મારી નજરે પડી છે. પીડિત પૃથ્વી સમાજના એ પ્રતિનિધિઓ જેવાં એ બે પાત્રોના પરસ્પર ઉદ્‌ગારોમાં, યુવાન પૌત્રી આગ વરસાવે છે, વૃદ્ધ દાદી આખરી આસ્થાનું જળસિંચન કરે છે, ને 'જો બેટા, લેરખી આવે સંદેશા લઈ ભાણના' એવી એ બુઢ્ઢીની આશા-મીટને બળે બન્નેનો હૃદયધ્વંસ થતો બચે છે, કટુતાનું વિષપાન થંભી જાય છે.

### કટુતાનું તત્ત્વ

કટુતા અને ઉગ્રતા આપણી કવિતામાંથી પૂરી વિદાય પામી જા
એ શું આજની પ્રયોગાવસ્થામાં સહેલું છે?

'અમૃત ને ઝેરના ઘડૂલા
'સિંધુ વલોવી કાઢ્યા સંગે,
'અમિયલ રહેવું જો હોય દુલ્લા!
'ઘૂંટીને દોય પીજો સંગે.'

એ આમાં બતાવેલા બિરદ મુજબ 'અમિયલ દુલ્લા' બનવું કે
કપરું! નહિ, નહિ. વિષ ને અમૃત ભેગાં ઘૂંટી હજુ જાણ્યું ન
હજુ તો 'નધણીઆતી નથી' એ ભજનમાં મેં પ્રજા—ધેનુને મ
ગવરાવ્યું છે કે—

'વાંભ સુણો મારા ધીંગા ધણીની,
'આવતાં ને લાગે વાર;
'સૂકાં મારાં ચામડા સાટે.
જોજો લીલાં ચામ નો ફાટે!'

એમાં પીડકોનાં લીલાં ચામડાં ફડાતાં કલ્પીને મેં અ
માનવતાને દૂષિત કરી છે: પરંતુ બીજી બાજુ મેં સ્વાર્થપ્રેરિત વિ
યુદ્ધોમાં બેગુન્હે કતલ થતા ભાડુતી સૈનિકોની જન્મદાત્રીએ
કલેજે આવી દારૂણ આરઝુઓ મૂકી છે—

'કારમા લોહ—થંભાઓ ગાળી અગ્નિરસો પીવો!
'કોટિકોટાન અંબાઓ! આંકડા ભીડી નીસરો!
'હીંચોળી પારણાં લીધાં, ઝંઝા—જૂથ બનો હવે;
'ઝંઝેડો તખ્ત ને તાજો, પ્રલયંકર ચંડિ હે!'

['હજુ કેટલાં ક્રંદનો ...... ?' પાનું ૪૪]

એવી કલ્પના શું દૂષિત છે? એમાં શું માનવતાનું અપર્ય છે? એની સરખામણીમાં ઘણા માનવતાપૂજકોને 'પુત્રની વાટ જોતી' માતાના કાવ્યમાં (પાનું ૫૦) મંગલતા દેખાશે. એણે તો પંથભૂલ્યા રઝળુ દીકરાને જ ઘેર આવવા વિનવ્યું છે. એણે તો પહેરેગીરોને પણ વિનવ્યું છે કાળી અંધારી રાતે કે—

'રઝળુ દીકરો ક્યાંય જો મળે,
'પથ બતાવજે, ઘરભણી વળે.'

એમાં બંડનો, ઉથલપાથલ કે દાઝભરી કટ્ટર ધ્વંસવૃત્તિનો નહિ, પણ આર્દ્ર સમજાવટનો ભાવ અંકિત છે. જેમ જેમ આપણું ઉર્મિ-તંત્ર ગળાતું આવે છે તેમ તેમ એજ ભાવ વધુ સ્પર્શે છે. પણ મેં કહ્યું છે તેમ, સામાન્ય કવિતાકાર, જે કવિ (આર્ષદૃષ્ટા) નથી, તે તો પરાનુભવો જ ઝીલતો રહે છે. આંહીં ઝીલાતા આ બેઉ, મારા નહિ પણ પરનાં સંવેદનો હોય, મેં તો કેવળ એના દર્શાવક તરીકેની જ સ્થિતિ સ્વીકારી છે. ને મારો પરમ સંતોષ તો 'અસહ્ય વાત' જેવા ગીતમાં (પાનું ૮૧) વસ્યો છે. એમાં પણ શત્રુ-સૈન્યના સૈનિકોની બંદૂકે ઘવાતી એક સ્ત્રીની લાગણીઓમાં પોતાને મારનારાઓના અંતરતમ માતૃપ્રેમ ને સ્ત્રીસન્માનની કલ્પના મૂકી છે—

'એ મને ય જો આંતરિયાળ મળે
'તો બોલાવે પૂછી, તમે કોણ છો મા!'

પણ અસહ્ય વાત તો આ જખ્મી ને અપમાનિતા જનનિના દિલમાં એક જ છે: આ સૈનિકદળોને મોતને પંથે ચડાવનારા મતલબીઓ એમ બિરદાવીને ઉત્તેજે છે કે 'મારો આ પરદેશીઓને, કેમ કે આપણી મા (માતૃભૂમિ) એમ માગે છે!' અસહ્ય છે આ મા-

માતૃભૂમિના નામે સંહારકવૃત્તિ ઉત્તેજવાની રણકીકીઆરી, કારણ કે 'મા' ઊઠીને પારકાં સંતાનોનો સંહાર માગે કદી?

આવી અસત્ય વાત ઉચ્ચારવામાં એક પણ અપમાનકારી કટુ બોલ વપરાઈ બેઠો નહિ, એ આ રંક કવિતાકારની કૃતાર્થતા છે.

## વ્યક્ત અને અવ્યક્ત

આત્મનિરીક્ષણનો આ દૃષ્ટિદોર મને મારાં, અહીં સંગ્રહેલાં પીડિત–ગીતોની વધુ તપાસે ખેંચી લાવે છે, કનિષ્ઠ ભાવ મને પરદેશી કવિતામાંથી ઊતરેલા 'ગરીબોદ્ધારની ચાલાકીઓ'ના ગીતમાં (પાનું ૩૦) ભાસે છે. એમાં સર્વોપરિ સ્થાન મજૂરમાલેકોની આછકલી મજાકને જ મળ્યું છે. આવી આછકલાઈ કોઈ હડતાલીઆઓની ચોપાટી–સભા ગજવતા ભાષણખોરના મોંમાં જ સુસ્થાને ગણાય; કવિતામાં એ દૂષણ બને. કવિતામાં વ્યક્ત કરતાં અવ્યકત જ વધુ મહત્ત્વનું. કવિતાની કસોટી જ એ: વ્યક્તને બાદ દેતાં અવ્યકત કેટલું ગૂંજી રહે છે? એ કસોટીએ ચડાવો તો આ ગીતની કિલષ્ટતા પ્રકટ થશે. અવ્યકત કશું જ નથી રહેતું.

એ આંકણીએ ચડાવીએ 'મને વેચશો મા' ગીતને (પાનું–૨૨). આમાં પીડિત દલિતનો, પોતાના બીજી બાજુના શોષકો (exploiters) તરફનો–કહેવાતા સેવકો ઉદ્ધારકો પ્રત્યેનો કટાક્ષ છે. પીડિતના આંસુ વડે પોતાની સોનાની ઈન્ડી–પેનો ભરનાર, પીડિતના ક્ષુધાગ્નિ પર પોતાના રોટા શેકનાર, પીડિતનાં શોણિતમાં પોતાના 'વાદ'ના વાવટા રંગનાર, પીડિતની પાંસળીઓનાં હાડકાં ગણાવવા માટે બાકી રહેલ ચામડાં પણ ઉતરડનાર આ નવીન શોષકોની ધંધાલક્ષી દાંભિકતા (insincerity) પર હું માનું છું ત્યાં સુધી આ પહેલો જ કટાક્ષ છે. પણ એ કટાક્ષનું કાવ્યતત્વ થોડુંઘણું, ઉપરની જ પેઠે કલુષિત છે. એ પીડિતોદ્ગારમાં ચબરાકી આવી છે. એમાં પીડિતોની

સ્વાભાવિક સહૃદયતા નથી વિલસતી. એ હિસાબે 'કેમ કરે, કાયદો ને !' (પાનું ૨૬)નો કટાક્ષ વધુ માનવતાયુક્ત ને સ્વાભાવિક લાગશે. સંચાની સાથે ભાઈબંધીનો સ્નેહ સમજતો મજૂર યંત્ર ચલાવતાં ચલાવતાં પોતાની કુંવારી બહેનના વિવાહના વિચારે ચડે છે, વિવાહ માટે જોઈતાં નાણાં નથી; નાણાંની બચત વગર વિવાહ કેમ કરીને બનશે ? એ વિચારગ્રસ્ત દશામાંથી સંચાના સંચાલન પ્રત્યે ગફલત જન્મી, બેધ્યાન બની જવાયું, સંચાએ બેધ્યાન 'દોસ્ત'નો હાથ એક જ લબરકે, કોણી સુધી ચાટી લીધો ! ને મજૂરની મા 'કમ્પસન' (Compensation : નુકશાની) માગવા શેઠીઆઓથી માંડી રાજા સુધી ભટકી આવી પણ સૌએ એક જ જવાબ વાળ્યો : 'શું કરીએ બાઈ ! કોમ્પેન્સેશનનો તો આપણા રાજ્યમાં કાયદો જ નથી ના !'

આમાં મને કટાક્ષની નિર્મળતા દેખાઈ છે. હાંસી વેધક રહી છે પણ ઘાતકી નથી બની ગઈ, દાંતકચકચાટી દૂર રહી શકી છે. અને અવ્યકતનું શેષ મજૂરની બહેનનાં લગ્ન સંબંધી ચિંતામાંથી નીપજતા પરિણામની કરૂણતાએ રંગાયેલું આપણા હાથમાં રહી જાય છે.

## કવિતામાં પુણ્યપ્રકોપ

યંત્ર–માલિકો પ્રત્યેના રોપદ્વેષને દૂર રાખીને તેમજ મજુરની જ સર્વગુણસંપન્નતા ગજાવ્યા વગર, ન્યાયઅન્યાયની વ્હેંચણી કરવાનો લોભ ત્યાગીને, પીડિતવાદના દરિયાવને ડોળવાનું કામ કવિતા માટે દુષ્કર છે. કવિતા કાં ગાળોનો કોપ બની જાય છે, કાં વેવલાઈની રૂદનિકા બની જાય છે. નરી ચ્હીડ અને પુણ્યપ્રકોપ વચ્ચે, ગુસ્સા અને જુસ્સા વચ્ચે વિવેક કરવાનો કવિધર્મ ગંભીર છે. પુણ્યપ્રકોપના વિશુદ્ધ આદુર્ભાવને 'પુણ્ય'ની પહેલી અપેક્ષા છે ને એ પુણ્યવત્તાને પામતા પહેલાં હૃદયને કેટલા વિષઘુંટડા પચાવી જવા પડે છે! વાણી ખીજા· ઈને વ્યક્ત થાય છે, ને એ ખીજ પણ સ્વાનુભવનું સત્ત્વ નથી હોતી,

(કવિતાકારોમાં તો હોય પણ ક્યાંથી !) તે હકીકત આજની ભણીતી લીધેલી કવિ-બીજને પણ વધુ કરુણ કરી મૂકે છે. આપણે ઘણા ખરા એના ભોગ બન્યા છીએ. પણ પ્રયોગદશામાં સાચદિલીથી પગ ઠેરવતા ઠેરવતા, ઠોકરો ખાતા ને લપટતા લોહીલોહાણ થતા આપણે નવા પંથો ખેડીએ છીએ. સ્વરૂપોની નવીનતા જે મુગ્ધદશા શરુમાં જન્માવે છે તે ઝાઝો કાળ ટકતી નથી. આપણે આપણા મહિમાની કલગીઓ માનેલી કઢંગાઈઓ અને ખૂબીઓ માનેલી ખામીઓ 'ધણીને દ્વાર' પહોંચતાં સુધીમાં તો આપોઆપ ખરી પડશેઃ 'તે દિ' શબ્દ લય પામશે, હોશે આપોઆપ ઉજાસ, ચલ મન શબ્દને વેપાર જી !'

## રૂચિભેદને કારણે

પણ પ્રત્યેક પીડિતગીતમાંથી પ્રધાનપણે પીડિતપણાની સ્થિતિ પ્રતિ હૃદય દ્રવીભૂત બને ને તે પછી જ અન્ય રસ નીપજે એવી રચના હોવી જોઈએ, એવું કેટલાક મિત્રોનું વિધાન માન્ય રાખી શકાય નહિ. પ્રત્યેક ગીતને કે કાવ્યને પોતાના વિષય પૂરતી જ રસ-નિષ્પત્તિ કરવાનું કર્તવ્ય છે. એ રસ વીર હોય, રૌદ્ર હોય, બિભત્સ પણ હોય, કરુણ હોય કે ન પણ હોય. અલબત્ત, આ બધા રસોની જમાવટ પણ રેઢી નથી જ પડી. એ પણ કવિતાકારના ઊર્મિતંત્રની ઉચ્ચ મનોભૂને માગી જ લે છે. એટલે અમૂક ગીતમાં અમૂક જે રસનું સંવેદન મૂકવાનો ઉદ્દેશ હોય તે ઉદ્દેશ જો ફળીભૂત ન થયો હોય તો જ એ ગીતને દોષ દઈએ; એમાં જે મૂકવાનો સંકલ્પ જ નહોતો તેનો અભાવ એ એનો દોષ ન કહેવાય. રૂચિભેદને કારણે કોઈને 'કરાલ કાલ જાગે' અથવા 'કોદાળી વાળો' કરતાં 'ખેડુ સ્ત્રીનું સંધ્યાગીત' વિશેષ ગમે, તો અનેક પ્રેમીજનોને 'યુગવંદના'નાં પીડિતગીતોમાં વિલસતો પ્રાણ આ 'એકતારા'માં બુઠ્ઠો બન્યો લાગશે.

હમણાં જ એક સજ્જન કવિતાનું એક પ્રધાન લક્ષણ કહી ગયા : થીજી ગએલા પ્રાણ–પોપડાને ઉષ્મા અર્પીને ભેદવાનું, ઓગાળવાનું, પ્રવાહમાન્ કરવાનું કામ અવ્વલ દરજ્જે કવિતાનું છે. બુદ્ધિવાદની અતિશયતા થીજાવે છે, વાસ્તવવાદનો અતિરેક થીજાવે છે; વ્યવહાર-દક્ષતાના દાવપ્રપંચોએ ટેવાએલાં હૈયાં થીજી હીમ બને છે. એના પર ઉષ્મારૂપ બની કવિતાનાં કિરણો પડે ને પીગાળે. પરંતુ લાગણી-તંત્ર પર કિરણનું પીગાળણુ કામ કરી આપતી કવિતા અને એકલા કેવળ આવેશ–તંત્રનો જ કબ્જો લઈ બેસતી કવિતા વચ્ચેની સીમારેખ દોરવી સહેલ નથી. એક જ કવિતા સાંભળીને બે માણસો જુદી જુદી અસરો અનુભવે છે. એક કહેશે કે આ તો પટુકરણુ કવિતા sentimental stuff છે, બીજો કહેશે આ હૃદયદ્રાવક છે. દરેક વાતનો આધાર એ દિલ કોનું છે, અને એનું દ્રવન થવું એટલે શું, તે પ્રશ્નના જવાબ પર જ રહેશે.

## વિશાળ કલ્પના–પટ

આત્મનિરીક્ષણની આ પળોમાં કવિતાકારે જો પોતાનો મત પ્રદર્શિત કરવાનો અધિકાર આગળ કરી જ લીધો છે, તો પછી અહીં એકરાર કરી નાખવો પ્રાસંગિક છે, કે મારી આંહી આપેલી કૃતિઓમાં વધુ પ્રાણપ્રિય મને તો આવાં લાગેલ છે : 'શબ્દના સોદાગરને,' 'વર્ષા,' 'જોગંદર જગદીશને,' 'તકદીરની ત્રોફનારી,' 'મોરપીછાનું મૂલ,' 'ગરજ કોને,' અને 'ધીમાં ધીમાં લોચન ખોલો !' નાનકડા ખૂણા ખાંચરામાં કે સાંકડી ઊર્મિ-સીમોમાં ખૂંચી ગયેલી કલ્પનાને જ્યાં વિશાળ આકાશ–પટ મળે છે, ત્યાં ત્યાં ક્ષુદ્રતા આપોઆપ વિરમી જાય છે. રાજબાળ વર્ષાને મેં અણરૂંધ્યા આભના નિઃસીમ પટમાં લાખ લાખ હાથીડા હાંકતી દીઠી, ઘન–કડાકાની તાળીઓ પાડતી નાસી છૂટેલી દીઠી. નવરંગી ચૂંદડીના

હીરા ઉરાડતી એ તારામંડળના વડ-ટેટા ઝંઝેડે છે, ઘનીભૂત મેઘામ્બરમાં એ પોતાનાં નેણાં સમારવાનું કાજળ ઘૂંટે છે, ને એ સંધ્યાને આભ-ઓવારે ઊભેલ કોઈ બખ્તરિયા જોદ્ધાની પીઠ પાછળ એક ઘોડલે બેસીને બાપુનો દેશ છોડી જાય છે.

## કારમાં છુંદણાં

એ કલ્પનામાં અનુભવેલી ઉન્મુક્તતા અને સુવિશાલતાનો 'તકદીરને ત્રોફનારી'માં મને સવિશેષ સઘન અનુભવ થયો છે. જેણે આકાશની છાતીનો બરાબર મધ્ય ઉરભાગ છૂંદણે ટાંકયો, જેણે પુરાતન પુરુષ રામચંદ્રના તકદીરમાં કીર્તિની વેલડીઓ ત્રોફી, રાજયોગી ભર્તૃહરિના લલાટમાં જ્ઞાનવૈરાગ્યનો અમર યશ ટાંકયો, ને બાળુડા ગોપીચંદની પીઠમાં એની જનેતાના આંસુ વડે જગદ્‌વંદ્ય ભેખ ત્રોફ્યો, એવી એક નિગૂઢ વિધાત્રીના હાથમાં નીલા રંગની કુલડી તો નાની છે, પણ એમાં એણે દરિયાના દરિયા ઘોળ્યા છે : એણે ફક્ત પોતે ત્રોફેલા ત્રાજવાના સુંદર નમૂના જ બતાવ્યા, પણ ન બતાવી એની સોય (એની સંતાપીતલ શક્તિ) કે જે વડે એણે કોઈકનું કલેજું ને કોઈકનાં કપાળ ત્રોફયાં હતાં. ખોલી ખોલીને એ બતાવે છે પોતાનાં કરુણોજ્જવલ કારમાં ત્રોફણાં. ને...હાય, એનાં ત્રોફણાંનું કીર્તિસૌંદર્ય કામી લેવાની અણસબૂરીમાં માનવીને નજરે નથી પડતી પેલી 'કમખામાં સંતાડલ સોય' નામની કીર્તિ-ત્રોફણ કસોટી. રૂપ જોઈએ છે, પ્રસિદ્ધિ ખપે છે, પણ નથી બરાબર કલેજાના મર્મ-ભાગ ઉપરનાં, સાચા સંવેદનનો રંગ પકડતાં, તકદીરનાં ત્રોફણાં ખમી ખાવાની તૈયારી. ભજનવાણીનો નિગૂઢ પ્રાણ પકડી શકાયો હોવાનો ઠીક ઠીક સંતોષ મને આંહી થયો છે. ભજનસાહિત્યમાં કોઈ કોઈ ઠેકાણે રમતી કલ્પનાની મહાકાયતા આંહી મારે દ્વારે ઘડીક ડોકાઈ ગઈ છે.

## રવીન્દ્ર-પ્રસાદી

ને કલ્પનાને બ્રહ્માંડ-તોરણે અડી આવવાનો બીજો મોકો 'જોગંદર જગદીશ'માં મળ્યો છે. જડ ચેતન સચરાચરમાં જીવન-તત્ત્વ નામનું કેન્દ્ર ખોજતા એ વૈજ્ઞાનિકને મૂળ કાવ્યકર્તા શ્રી રવીન્દ્રનાથે જ એવો રહસ્યવેત્તા, Mystic આલેખ્યો છે, કે અંગ્રેજી પરથી ગુજરાતી ચિત્ર તો રમતું રમતું આવી ગયું. ક્ષુદ્રતાઓભરી સાંકડી સૃષ્ટિ ખદબદતી હતી તેજ જમાનામાં આ શોધક તપોધન વિશ્વના શેષ સીમાડા વટાવતો હતો. દૃશ્ય જગતના છેલ્લા સીમાડા વટાવીને એણે તો જીવન-કિરણની શોધમાં અરૂપની ગાયબ દુનિયાનાં દ્વાર ખખડાવ્યાં. એ પારગામિતાનાં દ્વાર આર્ય મહર્ષિઓએ એની સન્મુખ ઉઘાડાં મૂક્યાં. જૂજવાં જીવસ્વરૂપોની સૃષ્ટિને પાર બેઠેલા એકાત્મનાં એણે દર્શન કર્યાં. એ આખું જ ચિત્ર આપણી કલ્પનાને વિક્રમશીલતાનાં સાજ સજાવી અપાર્થિવ વિભૂતિ વડે અંકિત કરે છે, શક્યતાઓ અને સિદ્ધિઓના સીમાડા કમ્પાયમાન બને છે, પ્રજ્ઞા અને અને પારગામિતા કવિતાંગણમાં રમવા ઊતરે છે. એ પ્રાસાદી ટાગોર પાસેથી મળે છે.

## કટાવના ટુકડા

એ રવીન્દ્ર-વાણી ઝીલતા ગુજરાની કટાવ-ટુકડાને કંઠના હીંડોળે હીંચોળતાં હીંચોળતાં મારી કવિતાઓની બીજી ક્ષુદ્રતા કે લઘુતાઓ ભૂલી જવાય છે, ને જીભ અણુથાકી નાની કિશોરી રૂપે જાણે દોરી-કુદાવ કરવા લાગે છે—

'ખદબદતી જનતાના પાગલ
કોલાહલમાં અણુચલ રહીને
કોણ મળ્યો તું

'વિરાટના લઘુ વચબિંદુનો
'પ્રશાંત શોધક...

*            *            *

'સૂર્ય–ચાંદલે
'પુષ્પ–પાંદડે
'પશુ–પંખી, પાષાણધૂળમાં
'ઝુલે અનિદ્રિત
'એક જ્યોતિકણુ

*            *            *

'પૂર્વજના અંધાર–કૂપમાં
'ડોક ઝુલાવી
'ડરાં ડરાં કલશોર ગજવતાં
'અમે દેડકાં—
'તે સમયે તું
'કયા વિશ્વના શેષ–સીમાડા
'હતો ઘૂમતો...

*            *            *

'દ્વય કર જોડી
'ચકિત સ્તબ્ધ
'વાચાહીન મુખડે
'પ્રણમ્યો વિભુને

*            *            *

આ કૃતિઓ, તેમજ ઠક્કર બાપાની એકોતેરમી જન્મજયંતીને સમયે 'અણુવંચાએલા અગમ સંદેશા' ઉકેલતી કવિતા મારા પ્રાણપટને પહોળો, વધુ વધુ ને વધુ પહોળો કરે છે. થીજેલું કંઈક અંદરખાને દ્રવવા ને વહવા લાગે છે. પુરાતન કાળની સમાધિઓના ટીંબા ઊઘડે છે, કબરો ખુલે છે, મશાલો જલી ઊઠે છે, જતિઓ ને સતિઓનાં કાળ-નિદ્રામાં પોઢેલાં વૃંદ જાગે છે, સૂતેલાંની સોડયો સળવળે છે. પત્થરોનાં પડો ધ્રૂજે છે–ને એ સર્વ લાગણીઓનું સંવેદન અકળ–અગમ્ને સુકલિત તેમજ સુગોચર બનાવે છે.

મારી કાવ્યકૃતિઓની પ્રાશ્વર્ભૂ મને આ રીતે સમજાઈ છે. લંબાણભય બીજી કવિતાઓ વિષે કશું કહેવા દેતો રોકે છે. એક જ કાવ્યસ્વરૂપમાં ઝકડાઈ રહેવાને બદલે નૂતન પ્રયોગો કર્યા કરવાની વૃત્તિ જોર કરતી હોઇને સર્જનમાં વિપૂલતા આણવાનું અશકય છે, પણ તો તેથી ગુજરાતી સાહિત્યને કશું નુકસાન નથી. ' ઊછી ઉધારા અરક લઈ માંહે ભેળે તેલ ધુપેલ ' એવી કવિદશામાંથી ગુજરાતના કવિતાકારો બચેલા રહે, ભલે તેઓ અલ્પ જ સર્જે, અને નાની મોટી પોતાની સર્વ રચનાઓ પરત્વે એમની–ને મારા જેવા અલ્પની–આ એક જ શ્રદ્ધા સ્થિર બને કે:

હૈડા કેરી ધારણે તારે ઉર ઊઠે જે સૂર જી<br>
એ જ સૂરોના ઇમાની ભાઈ! ગાયા કર ચકચૂર<br>
જી–જી– શબદના વેપાર.

'And above all, to thine own self be true.' એ શેકસ્પીઅર–વાકયમાં ગૂંજતું એ 'ઇમાન' જ આપણું હો, બાકીનું બધુંજ માલિકને ચરણે.

બોટાદ.<br>
તા. ૧૯ : ૯ : '૪૦

ઝવેરચંદ મેઘાણી

## અનુક્રમણિકા


પાનું

પ્રવેશક (આત્મનિરીક્ષણ) . . . . ૧ થી ૨૪

**ગીતો પંચાવન**

૧. આવજો આવજો વા'લી બા ! ૨૯
૨. શબ્દના સોદાગરોની જાય ચલી વણઝાર જી . . ૧
૩. નવાં કલેવર ધરો હંસલા ! . . . ૫
૪. વીરા ! સત્તાની દેરીઓ ઉખાડી . . . ૬
૫. દેવાયત પંક્તિ દા'ડા દાખવ્યા . . . ૭
૬. યુગ યુગના કેડા પર કદમો ભરતી . . . ૮
૭. અદીઠી આગના ઓલવણહાર જીવો ! . . ૧૦
૮. બોંઠી પડી રે સમશેર . . . . ૧૨
૯. હિન્દીજન તો તેને કહીએ જે . . . . ૧૫
૧૦. આ પારે ગામડું ને ઓ પારે શે'ર . . . ૧૬
૧૧. ભીડેલા આભને ભેદી કો' રાજબાળ . . ૧૭
૧૨. સુરજ ને સાંજ બે ભાંડુની જોડલી . . . ૧૮
૧૩. મર્ત્યજનોની માત ધરણીને અમરોનાં વરદાન ! . ૧૯
૧૪. કોઈ તાણે એનાં શીંગડાં ને તાણે . . . ૨૧
૧૫. વેચશો મા મને વેચશો મા ! . . . ૨૨

૧૬. ચિતા સાત સો જલે સામટી . . . . . ૨૩
૧૭. ઘો ઠેલા, ઘો ઠેલા, ઘો ઠેલા, . . . . ૨૫
૧૮. મીલ ફેરે ચરખે રે હાથ મારો કાપી લીધો, . ૨૬
૧૯. તાપીના તીર તણી ગરવી ગુજરાતણ . . . ૨૮
૨૦. ગાઓ ગીતો 'ગરીબોદ્ધાર'નાં, . . . ૩૦
૨૧. પાણીમાં ડાંગ મારનારા, લાજીને હવે છેટા રે'જો . ૩૨
૨૨. વીસ ને સાઠ વર્ષોનાં અંતર પૂરાયલાં હતાં, . . ૩૩
૨૩. તમે ગીતા પાઈ, પચી નહિ અમોને; . . ૩૯
૨૪. તમે હસો છો મનુજોની ક્ષુદ્રતાને . . . ૪૧
૨૫. થંભો જમાનો, કવિ–ગાન થંભો . . . . ૪૨
૨૬. પુત્રોને ઝેરના પ્યાલા, પીવાડી પોઢાડજો; . . ૪૪
૨૭. કોણે કહ્યું કાળ વિનાશપ્રેમી ! . . . ૪૫
૨૮. હું જુવાન, હું જુવાન, . . . . . ૪૬
૨૯. વધે છે અંધારૂં, . . . . . ૪૮
૩૦. પૂછે કોઈ શિશુ જો તમને, . . . . . ૪૯
૩૧. રઝળુ દીકરા ! ઘેર આવજે, . . . ૫૦
૩૨. બીજાંને બકરાં કરી, આપ બને ગોવાળ, . . ૫૧
૩૩. જી રે બાપુ ! તમને કરાવી પારણિયાં, . . ૫૩
૩૪. ફૂલ ખર્યાં ફોરમ રહી, રહ્યા ગીત–ઝણકાર . . ૫૫
૩૫. રણશીંગાં બજિયાં નહીં, નવ ગહેકી શરણાઈ . ૫૬
૩૬. ભૂકમ્પે દફનાઇ ગયેલા . . . . ૫૯
૩૭. સન્દેશા મગાવો સૌના સન્દેશા મગાવો રે . . ૬૫
૩૮. સખી ! કારતકે કવિતાની ઝડીઓ રે, . . ૬૭
૩૯. સંપાદકજી બ્હાર થકી તાકીદ કરે છે, . . ૭૦
૪૦. મા સર્વથી વહાલું તને હો ઉચ્ચ મસ્તક ! . . ૭૩
૪૧. બાઈ ! એક ત્રાજવડાં ત્રોફણહારી આવી રે, . ૭૪

૪૨. આધેરી વનરાઇમાં ઇંધન ક્યાં ચેતાય? . . . ૭૭

૪૩. કંકુ ઘોળજો જી કે કેસર રોળજો! . . . ૭૯

૪૪. મને મારનારા ગોળી છોડનારા . . . . ૮૧

૪૫. નગરની રોશની નિરખવા નીકળ્યાં . . . ૮૨

૪૬. ગરજ હોય તો આવ ગોતવા . . . . ૮૫

૪૭. એક પરદેશી હતો મુખરડો . . . . ૮૮

૪૮. બનાવટી છે! . . . . . . . ૯૦

૪૯. સલામો કરૂં બીજના ચાંદને, . . . ૯૩

.૫૦ આભને પાદર એક ચિતારે રાવટી તાણી રે . ૯૪

૫૧. એક દિ' ઠાકર ભાન ભૂલ્યો . . . . ૯૭

૫૨. પ્રભુતાની પ્રતિમા કે પ્રતિમા પશુતા કરી? . . ૯૯

૫૩. આ એક જાનવર ને વિદ્વાન બીજો . . . ૧૦૦

૫૪. તેં જુદાઈ દીધી તો ભલે જ દીધી . . . . ૧૦૧

૫૫. હળવાં હળવાં લોચન ખોલો . . . . ૧૦૪

**ગીતોનું વિભાગીકરણ** . . . . . ૧૦૯

**ટિપ્પણ** . . . . . . . ૧૧૬



છોગલાળો મારો એકતારો ગાશે ગીત, હું નાચું રે
પાયે બાંધી ઘૂઘરું નાચું.

[ મોરપીંછનાં
મૂલ : પા. ૬૪ ]

## વિદાય

૦

આવજો આવજો વા'લી બા ! હો વા'લી બા !
કે એકવાર બોલ, ભલે ભાઈ તું જા !

૧

પાછલી તે રાતને પે'લે પરોડિયે
ઝબકીને તું જ્યારે જાગે
રે મા ! ઝબકીને તું જ્યારે જાગે !

ઓસીકે પાંગતે ફેરવતાં હાથ તુંને
પડખું ખાલી લાગે હો મા !
મા ! મા ! મા !

માડી મને પાડજે હળવા સાદ
પડઘો થઈ હું દેશ જવાબ—આવજો૦

૨

તારા હૈયા તે પરે ખેલવા ને ગેલવા
આવું બની હવાનો હિલોળો
મા! હવાનો હિલોળો;

લાંબી લટોમાં રમું ઓળકોળાંબડે
ગૂંથશે તું જ્યારે અંબોડા હો મા!
મા! મા! મા!

માડી! તારો ઝાલ્યો હું નહિ રે ઝલાઉં
ચાર પાંચ ચુમી ભરી ચાલ્યો જાઉં—આવજો૦

૩

ચંદન-તળાવડીનાં નીર મહીં ના'તી
જોઇ જૈશ હું તને જ્યારે
રે મા! જોઇ જૈશ હું તને જ્યારે;

મોજું બનીને તારે અંગેઅંગ મ્હાલીશ
તોય મને કોઈ નહિ ભાળે હો મા!
મા! મા! મા!

માડી મારી છલછલ છાની વાત
સાંભળીને કરજે ના કલપાંત—આવજો૦

૪

આષાઢી રાતની મેહુલિયા-ધારનું
ઝરમર વાજું વગાડું
હો મા ! ઝરમર વાજું વગાડું,

બાજુડિયા એટડાને સંભારી જાગતી
માડી ! તુંને મીઠડી ઊંઘાડું હો મા !
મા ! મા ! મા !

માડી હું તો વીજળીનો ઝબકારો
કે જાળીએથી 'હાઉક !' કરી જૈશ હું અટારો—આવજો॰

૫

આકાશી ગોખનો ટલમલ તારલો
થૈને બોલીશ : બા ! સુઈ જા,
રે મા ! થૈને બોલીશ : બા ! સુઈ જા;

ચાંદાનું કિરણ બની લપતો ને છપતો તુંને
ભરી જૈશ એક બે બક્કા હો મા !
મા ! મા ! મા !

માડી તું તો ફેરવીને ગાલે હાથ
નાખજે નવ ઊંડો નિઃશ્વાસ—આવજો॰

૬

ઝભલું ટોપી લઇને માશીબા આવશે
પૂછશે, ક્યાં ગયો બચુડો ?
રે મા ! પૂછશે ક્યાં ગયો બચુડો ?

કે'જે કે બેન, બચુ આ રે બેઠો
મારી આંખ કેરી કીકીઓમાં રૂડો
હો બેન ! મારે ખોળલે ને હૈયા માંય
બાળ મારો બેઠો છે સંતાઇ !—આવજો૦

---

*મરી જતા બાળકના પોતાની મા પ્રત્યેના આ વિદાય-બોલવાળું ગીત ભજનના પદબંધમાં રવિબાબુના 'શિશુ' માયલા કાવ્ય 'તબે આમિ જાઈ ગો મા જાઈ' પરથી સાતેક વર્ષ પર ઉતાર્યું છે. એ શ્રોતાજનમાં અત્યંત પ્રિય થઈ પડેલું ગીત મારા 'વેણીના ફૂલ'ની છઠ્ઠી આવૃત્તિમાં મૂકી દેવાની ભૂલ મને, શ્રોતાઓનું પૂછાણ આવતાં માલૂમ પડી છે એટલે એને આંહીં પાછળથી ઉમેરેલ છે.

## શબ્દોના સોદાગરને—

[ "કર મન ભજનનો વેપાર"–એ ભજનઢાળમાં ]

○

શબદના સોદાગરોની જાય ચલી વણઝાર જી
ગગન–કેડા ધૂંધળા એની રજ તણે અંબાડ
ચલ મન શબદને વેપાર;
જી–જી શબદના વેપાર.

કોઇક લાદે પોઠિયા
કોઈ ગધે ભરતા ભાર જી;
કોઇક જોડે ગાડાંગાડી
ભીડાભીડ કતાર
જી–જી શબદના વેપાર. ૧.

નહિ જડે તુંને પોઠિયા
નવ ગધે ભર તારો ભાર જી;
આપણ કાંધે લઇ ગઠડિયાં
ઉપડ ધણીને દ્વાર
જી–જી શબદના વેપાર. ૨.

તારી જણુશ વીરા જૂદિયું
એના જુદા જાણણહાર જી;
જૂદાં રે નામ એનાં પાડીશ ને
ભલે નવ જડે લેનાર
જી–જી શબ્દના વેપાર. ૩.

અતરિયો રે વીરા, એકલપંથી
બેસે ન હાટ બજાર જી;
એક જ પૂંભડે અવનિભર
એની ફોરમના છંટકાર
જી-જી શબ્દના વેપાર. ૪.

અતરિયા હો તારે કારણે
આજ અબજ ફૂલ બફાય જી;
અબજ માનવ–પૂંખડાં
ધગ ધગ જળે ઓરાય
જી–જી શબ્દના વેપાર. ૫.

એક શબ્દને પૂંભડે
જેની ખપે જીવન–વરાળ જી;
એવાં અબજને તોળવા
કૈક બેઠા હાટ બકાલ
જી–જી શબ્દના વેપાર. ૬.

ઇછીઉધારા અરક લઇ
માંહી બોળે તેલ ધુપેલ જી;
એવા સુરૈયાની કુડી ચાલાકી
ના રી – રં જ ણુ ખે લ
જી–જી શબ્દના વેપાર. ૭.

કોઇ ચાંદરણાં માગશે
કોઈ માગે રૂમઝૂમ રાત જી;
કોઈ કહે બીજી નવ ખપે
વિણ ભૂખ્યાં જનની વાત
જી–જી શબ્દના વેપાર. ૮.

હૈડા કેરી ધારણે
તારે ઉર ઊઠે જે સૂર જી;
એ જ સૂરોના ઇમાની ભાઈ!
ગાયા કર ચકચૂર
જી–જી શબ્દના વેપાર. ૯.

નહિ ચાંદો ને નહિ ચાંદની
નહિ નીલાં સાયર–નીર જી;
શબ્દને સરજે નહિ
ઘનમેહુલા ન સમીર
જી–જી શબ્દના વેપાર. ૧૦.

આતમની એરણ પરે
જે દિ' અનુભવ પછડાય જી;
તે દિ' શબ્દ–તણખા ઝરે
રગ રગ કડાકા થાય
જી–જી શબ્દના વેપાર. ૧૧.

ખાંપણ માંય તારે ખતા પડશે
તન હોશે તારાં ખાખ જી;
તોય શબ્દના દીવડા
હોશે પઁથભૂલ્યાંની આંખ
જી–જી શબ્દના વેપાર. ૧૨.

શબ્દ – તણખે સળગશે
સુની ધરણીના નિઃશ્વાસ જી;
તે દિ' શબ્દ લય પામશે
હોશે આપોઆપ ઉજાસ
ચલ મન શબ્દને વેપાર
જી–જી શબ્દના વેપાર. ૧૩.

●

# નવાં કલેવર ધરો !

o

નવાં કલેવર ધરો હંસલા ! નવાં કલેવર ધરો,
ભગવી કંથા ગઇ ગંધાઈ સાફ ચદરિયાં ધરો
હંસલા ! નવાં કલેવર ધરો !—૧.

મોતી તણો તેં ચારો માની ચણિયાં વિખનાં ફળો;
કણ સાટે છો ચુગો કાંકરી, કુડનાં બી નવ ચરો
હંસલા ! નવાં કલેવર ધરો !—૨.

ગગન-તારલે અડવા ઊડતાં પૃથ્વીથી ય તું ટળ્યો;
ચૂમો સીમાડા સાત આભના, ધરણી નવ પરહરો
હંસલા ! નવાં કલેવર ધરો !—૩.

અધુધડી આંખે જોયું તે સૌ પુરણ દીઠું કાં ગણો !
આપણ દીઠાં અસત ઘણેરાં, નીરખ્યાનો શો બરો !
હંસલા ! નવાં કલેવર ધરો !—૪.

રાત પડી તેને પરોઢ સમજી ભ્રમિત બ્હાર નીસર્યો,
હવે હિંમતમાં રહો જી રૂદિયા ! અનહદમાં સંચરો
હંસલા ! નવાં કલેવર ધરો !—૫.

●

# ભ્રાંતિ

○

વીરા ! સત્તાની દેરીઓ ઉખાડી
ને દેવ બની કેમ બેઠા ?
વીરા ! મુક્તિદેવીની રચી વાડી
ને ફૂલ કર્યાં કેમ એઠાં ? ૧.

વીરા ! શક્તિને એકલી ઉપાસી
ભક્તિનું ભાન કેમ ભૂલ્યા ?
વીરા ! પરની શ્રદ્ધાને દેવદાસી
પોતાની કરી કેમ ઝૂલ્યા ? ૨.

વીરા ! એક બીજ વાવી યે ન જાણ્યું,
તો લાખ ઝાડ કેમ બાળ્યાં ?
વીરા ! એક બુન્દ નીર ના ઉતાર્યું,
જૂનાં નવાણ કેમ ટાળ્યાં ? ૩.

વીરા ! કાલકૂટ કંઠમાં ભભૂકે,
શંભુ ને સાપ હોય દેખો !
વીરા ! એક જીરવે ને અન્ય ઑકે
પ્રભેદ એ ન કેમ પેખો ! ૪.

વીરા ! વેગ–ચક્ર પંથડાવિહોણા :
ભ્રાંતિની ખાઈ ખાઇ જાશે,
વીરા ! કાચી નીંદર તણાં સોણાં
ઝબકીને પછી ગૂમ થાશે. ૫.

●

## હજી શું બાકી હશે !

○

દેવાયત પંડિતે દા'ડા દાખવ્યા
જૂઠડા ન પડિયા લગાર
લખ્યા રે ભાખ્યા રે એ દન આવિયા
તો ય નાવ્યા જુગના જોધાર
હજી રે કેવાક દિનડા આવશે. ૧.

શું શું રે થવાનું બાકી હશે,
કાલ્ય કેવો ઊગશે રે ભાણ,
આટલાં સહ્યાં યે શું અધૂરાં હશે,
નવી કઇ નરકે પ્રયાણ,
જ્ઞાની તો રૂવે ને પાપીડાં હસે. ૨.

●

# સર્જનસંહારની જોડલી

○

યુગ યુગના કેડા પર કદમો ભરતી,
સર્જન સંહાર બેની જોડી આવે;
પૃથ્વીના હૈયા પર પગલાં ધરતી,
રચના ને નાશ બેની જોડી આવે. ૧.

સંહારે સર્જનને દીધા ડારા :
"પાછી વળ, પાછી વળ, પામર બંધુ !
પાછાં લૈ જા પા પા પગલાં તારાં,
ફાળે ફાળે હું બ્રહ્માંડો ખુંદું." ૨.

સર્જનનાં નયણાંએ પાંપણ ઢાળી,
ગાલો પર લજ્જાનાં ડોલર ઊઠયાં,
મલકાવી મોઢું એ બોલી બાળી,
"જાઓ વીર ! મૈત્રીથી મ્હાલો છુટ્ટા." ૩.

સંહારે ઇશ્વરના વાઘા પહેરી,
અબજોની માનવતા બાળી ઝાળી;
સર્જનની ધારા ત્યાં શતધા રેલી,
રોપી રહી મુક્તિની કેસર-કયારી. ૪.

સંહારે માનવની ડોકે ડોકે,
બેસીને બંદૂકના ધૂંવા ફૂંક્યા;
સર્જનનાં કર–અંગુલ અડકયે અડકયે,
પત્થરને હૈયે પણ ગીતો ગૂંજ્યાં. ૫.

સંહારે નિરખ્યું 'રે મારાં થાણાં,
તેને શું સર્જનની લ્હેરો લાગી!'
ધા દેતો ધાયો: સર્જનનાં ગાણાં
ચૌદિશ રેલાયાં : કયાં જાવે ભાગી! ૬.

●

# અદીઠી આગના ઓલવનારા

[ પવન-પુતળી રમે ગગનમાં નુરત સુરતે નરખો—એ ભજનનો ઢાળ]

○

અદીઠી આગના ઓલવણહાર જીવો !
અમૃત-ઘોળ્યા ઘણેરા રંગ હો !
રે કલેજા-રંગ હો !

આતમ-બેડીઓના ભાંગણહારા જી જીવો !
આલમ-ગાયા અનેરા રંગ હો !
હો કલેજા-રંગ હો ! ૧.

બાહેર જલન્તા દાવાનળ બૂઝવીને
દુનિયાને કૈક કરે દંગ હો
રામ દંગ હો !

ભીતરની ભઠ્ઠિયુંના ભડાકા જળેળે, એની
ભાળ્યું લેનાર ! ખરા રંગ હો !
લાખ લાખ રંગ હો !
હો ઘણેરા રંગ હો ! ૨.

---

* મુંબઈના શરાબબંધી દિન ૧લી ઓગસ્ટના માનમાં :

તનડાંની બેડી તણાં તાળાં ખોલન્ત તેના
કવિઓએ લલકાર્યાં છંદ હો
રામ છંદ હો

આતમની ચીસભરી તોડે તુરંગ તેના
કાળને નગારે પડછંદ હો
તોડનાર રંગ હો !
હો ઘણેરા રંગ હો ! ૩.

આતે સિંધુને પાર લાર ને કતાર ઊભાં
બેનડી પ્રજાનાં મહાવૃંદ હો
માનવીનાં વૃંદ હો

તારા સાફલ્ય તણા જમરખ દીવડે
જલજો જી જ્યોત અણભંગ હો
રોમે રોમ રંગ હો !
હો ઘણેરા રંગ હો ! ૪.

કોટિ કોટિ આતમની અંધારી કોટડીમાં
પાથરજો તેજના ઉમંગ હો
જીવો જી ઉમંગ હો !

ઓલવવા આવનાર સળગી જાજો રે ખુદાં
સ્વારથનાં કીટ ને પતંગ હો
હો ઘણેરા રંગ હો !
હો કલેજા—રંગ હો ! ૫.

## સમશેર તારી બોઠી પડી રે

○

બોઠી પડી રે સમશેર
રાણાની તેગ બોઠી પડી રે
દીઠી મીરાંને ઠેર ઠેર
સમશેર તારી બોઠી પડી રે.

લૂંટી શક્યો ન એનાં જોબન એ દાઝથી
કાયો ગુજારી બધા કેર
સમશેર તારી બોઠી પડી રે. ૧.

જીતી શક્યો ન એનું દિલડું એ ઝાળથી
નિંદા વાવી તેં ઘેર ઘેર
સમશેર તારી બોઠી પડી રે. ૨.

કાળી નિંદાનાં રૂડાં કાજળ આંજી કરી
થેઇ થેઇ નાચી એ ઠેર ઠેર
સમશેર તારી બોઠી પડી રે. ૩.

ઝેરના કટોરા તારા પી કરીને પાગલી
પામી ગૈ પ્રભુતાની લે'ર
સમશેર તારી બોઠી પડી રે. ૪.

ખૂટી તદબીર સર્વ, ખેંચી તલવાર–ધાર
તૂટ્યો બેભાન જાર પેર
સમશેર તારી ભોંઠી પડી રે. ૫.

એકલડી ભાળી ને ભાળી આયુધહીન
કરવા ઊઠ્યો તું જેર જેર
સમશેર તારી ભોંઠી પડી રે. ૬.

ઊભો શું મૂઢ હવે દેખી અણુપાર રૂપ!
ચરણે નાખી દે સમશેર
સમશેર તારી ભોંડી પડી રે. ૮.

'મા ! મા ! હે મા !' વદીને ઢાળી દે માથડાં
માગી લે જનનીની મ્હેર
સમશેર તારી ભોંઠી પડી રે. ૯.

જુગ જુગથી અમ્મર બેઠી છે એની એ મીરાં
એને છે ઇશ્વરની ભેર
સમશેર તારી ભોંઠી પડી રે. ૧૦.

•

## હિન્દીજન

[ વૈષ્ણવ જન તો તેને કહીએ જે–એ ઢાળ ]

o

હિન્દીજન તો તેને કહીએ જે
કર જોડી રહે ઊભા રે
એકબીજાના કાસળના જે
ખૂબ કરે મનસૂબા રે—

આંતરરાષ્ટ્રીય ઉતપાતોમાં (જેને) સૂઝે એક જ રસ્તો રે
ચેમ્બરલેન હિટ્લર કે સ્ટેલીન સૌનો ખાવો ધુસ્તો રે
હિન્દીજન—૧.

શૂરાતન વ્યાપે નહિ જેને, દૃઢ કિન્નો જેના મનમાં રે,
કોમ પંથ શું તાળી લાગી, સકળ સ્વારથ તેના તનમાં રે
હિન્દીજન—૨.

સકળ દેશથી સૌ કોઇ આવો ! દાસ થશું સહુ કો'ના રે !
હોશકોશ જેના જાય હાકોટે ધન ધન પૂર્વજ તેના રે
હિન્દીજન—૩.

મિંયાં કહે મને કોમી હક ઘો, દેશને મારૂં ગરદન રે
હિન્દુ કહે હું રહ્યો અહિંસક, આત્મા મારો મર્દ ખરે
હિન્દીજન—૪.

પરદેશી પાડાઓ વચ્ચે ઝાડ બની ઊખડશું રે
માણુસ થૈ સંપી જીવવાનું પાપ કદાપિ ન કરશું રે
હિન્દીજન—૫.

ચિર રોગી ને ઝપટ રહિત છે, હામ હોશ કરે ધોળ્યાં રે
ભણે ખરસૈયો તેનું દર્શન કરતાં કુળ સત્તોતેર બોળ્યાં રે
હિન્દીજન—૬

•

## લોકેશ્વરનો સેતબંધુ

ઃ

આ પારે ગામડું ને ઓ પારે શે'ર
વચ્ચે જુદાઇનાં પાણી વ્હેતાં.
દોઢ દોઢ સૈકાનાં જૂનેરાં વેર
એ રે પાણીની પોલ માંહે રે'તાં. ૧.

આજે એ નીર પરે સેતુ બંધાય
આજે તો પાણીમાં પત્થર તરતા.
સતજુગમાં રામનામ કેરી દુવાઇ
કળજુગમાં દેશ-નામ રે'શું રટતા. ૨.

•

## વર્ષા

○

ભીડેલા આભને ભેદી કો' રાજબાળ
તાળીઓ પાડતી છૂટી;
બાપુના લાખ લાખ હેમર હાથીડલા
હાંકતી હાંકતી છૂટી. ૧.

ઘાટા અંબોડલાની લટ મેલી મોકળી
રંગભરી રાસડે ઘૂમે;
લૂંબઝૂંબ તારલાના ટેટા ઝંઝેડતી
ચાંદાસૂરજને ચૂમે. ૨.

રૂંધ્યાં જોબન એનાં જાગી ઊઠયાં રે આજ,
કાજળ ઘૂંટેછ કાઠિયાણી;
નવરંગી ચૂંદડીના ચીરા ઉરાડતી
કોને ગોતેછ મસ્તાની ! ૩.

સંધ્યાને તીર એક બખ્તરિયો જોધ ને
ઘોડલાની જોડ મેં દીઠી;
એની બેલાડય ચડી ક્યાં ચાલી એકલી
ચોળી તું તેજની પીઠી ! ૪.

નિર્જન ગગનના સીમાડા લોપતી
આવ રે આવ અહીં ચાલી;
સૂતી વસુંધરાને વીજળ-સનકાર કરી
પાતી જા ચેતનાની પ્યાલી. ૫.

•

## પૃથ્વીનાં સાવકાં બાળ પાછાં વળે

○

સુરજ ને સાંજ બે ભાંડુની જોડલી
ઉતરતી જે ઘડી નભ—ઓવારે,
ધરતીનાં ભાઈ ને બેનની બેલડી
ઘર ભણી વેગ—પગલાં વધારે. ૧.

વેડિયાં દાતણો, વેચિયાં સુંથિયાં
લોહીની ટશર હાથે વહી'તી,
વધ્યુંઘટ્યું ધાન વસ્તી તણું ભીખીને
ચર્ચતાં જાય શું આપવીતી! ૨.

•

## ધરણીને દેવ સમાં વરદાન *

○

મર્ત્યજનોની માત ધરણીને અમરોનાં વરદાન !
ધરણીને દેવ સમોવડ દાન !

પૂર્વ–પછમના ગગન–કેડલે રવિનો રથ ખેડાય,
એ જ કેડલે ધરણીના પણ સ્વર–રથડા હંકાય
ધરણીને દેવ સમોવડ દાન. ૧.

ધરણી કેરૂં જે હૃદયનિવાસી ધૂળવિહારી ગાન,
એને કાજ નીલામ્બર ભીતર મંદિર રચવા હામ
ધરણીને અમરો સમ વરદાન. ૨.

અણુદીઠાં વિદ્યુત–ગરૂડોની પવન–પાંખ પર ચડો !
ઓ તુજ કવિ–છંદો ક્ષિતિજોના સીમાડા સર કરો

* કલકતા આકાશ–વાણીનું (રેડીઓ) સ્ટેશન ખુલ્લું મૂકતાં શ્રી. રવીન્દ્રનાથ ટાગોરે સંભળાવેલા ગાનનો અનુવાદ.

અડો જૈ સુરપુરી કેરે દ્વાર,
માનવી જનના રમ્ય વિચાર !

ધરણીના એવા સુખલલકાર,
આજ તો ધરણી દિસે નિહાલ.

ધરણીને દેવ સમોવડ દાન,
પૃથિવીને પ્રભુજીનાં વરદાન. ૩.

•

# નધણીઆતી નથી

○

કોઈ તાણે એનાં શીંગડાં ને તાણે
કોઈ ખીજો એના કાન,
હાથ આવ્યા એના આથેય અંગને
ઝોંટ દેતા ઝાઝા રાણ,
ધેરે પૂળો ઘાસ તો છે નૈ;
નોધણીઆતી હાથ લાગી ગૈ ! ૧.

તાણાતાણી બીચ બાંગ દેતી ધેનુ
ઢીંક દેવા યે નાદાર,
'દૂધ વિહોણી આ દેહને કારણ
શીદ માંડો તકરાર ?'
પૂછે છે તો ગોકળી કે' છે,
'શું છે ખોટું ! ચામ તો રે' છે !' ૨.

'જાણ સુજાણ ગોવાળીડા રે વીરા,
ગેલા મ થાવ ગમાર !
વાંભ સૂણો મારા ધીંગા ધણીની
આવતાં નૈ લાગે વાર,
સૂકા મારા ચામડા સાટે
જોજો લીલાં ચામ નો ફાટે !' ૩.

●

# મને વેચશો મા !

○

વેચશો મા મને વેચશો મા !
તમે લોકોના સેવકો, વેચશો મા !
મારી પાંસળીઓનાં હાડકાં ગણાવવા
રહ્યાંસહ્યાં ચામડાં ખેંચશો મા—તમે૦ ૧.

મારાં આંસુની તમે શાહીઓ ઘુંટાવી
સોનાની ઇન્ડી-પેન સીંચશો મા—તમે૦ ૨.

મારા હૈયાની માંહી ધીખે છે આગ ત્યાં
પોતાની રોટીઓ શેકશો મા—તમે૦ ૩.

મારાં શોણિત મહીં રંગેલા વાવટા
લૈ લૈને ગાનતાન ગ્હેંકશો મા—તમે૦ ૪.

સોનાની થાળીએ ભોજન આરોગતા
મારી હાંડીની વાતો ફેંકશો મા—તમે૦ ૫.

વેચશો મા, મને વેચશો મા,
તમે કવિઓ ને લેખકો, વેચશો મા !—મને૦ ૬.

●

## નિરર્થક તૈયારીઓ*

○

ચિતા સાત સો જલે સામટી
  ઇતનાં ઇંધણ રાખ્યાં'તાં
  ભાઇ! ઇતનાં ઇંધણ રાખ્યાં'તાં,
લંબા ચોડા સબ કોઈ સાટુ
  ખાંપણ પૂરાં માપ્યાં'તાં
  ભાઇ! ખાંપણ કોરાં માપ્યાં'તાં. ૧.

કાલા–પાની, ગરીબ ટાપુ,
  વાળીઝોળી રાખ્યાં'તાં
  ભાઇ! વાળીઝોળી રાખ્યાં'તાં,
ઉપવાસીની સગવડ સમજી
  સ્મશાન ઓરાં રાખ્યાં'તાં
  ભાઈ! મસાણ સન્મુખ રાખ્યાં'તાં. ૨.

---

*૧૯૩૭ સપ્ટેમ્બરમાં આંદામાનના રાજકેદીઓના ઐતિહાસિક ઉપવાસો ગાંધીજીએ છોડાવ્યા તે અવસરે, એ કારાગૃહના સ્થાનિક કર્મચારીઓની મનોદશાનું કટાક્ષાલેખન.

આપઘાતીઆ હતભાગીને
માવીતર સાંભરતાં'તાં
ભાઇ ! માતપિતા સાંભરતાં'તાં !
આંદામાનની અમરાપુરીથી
ગંદાં ઘર વધુ ગમતાં'તાં
ભાઇ ! ગંદાં ઘર બહુ ગમતાં'તાં ! ૩.

સાત સાત શત મુર્દાં કેરા
હા હા કા ર નીંગળતા'તા
ભાઇ ! હાહાકાર ઉકળતા'તા,
જીવતાંનાં ક્રન્દન કરતાં પણ
કંકાલો વધુ રડતાં'તાં
ભાઈ ! કંકાલો વધુ રડતાં'તાં ! ૪.

મનકી હમારે મનમેં રહે ગઇ
મરનેકી મિટ ગઇ બાતાં
ભાઈ ! મરનેકી મિટ ગઇ બાતાં,
કફન, ઇંધણાં, સ્મશાન, સબકુછ
રહ્યાં હાય હા ! વા ખાતા
ભાઈ ! રહ્યાં બાપડાં વા ખાતાં ! ૫.

•

# ધો ઠેલા !

○

ધો ઠેલા, ધો ઠેલા, ધો ઠેલા,
હુમ્બેલા ! હુમ્બેલા ! હુમ્બેલા !

ઊંચી છે વાટ
વંકા છે ઘાટ
અંધારી રાત : ધો ઠેલા !
ઉંઘો ના, યાંત્રિકો, ધો ઠેલા ! ૧.

ધો ઠેલા, ગાડી છે વેરાને;
ધો ઠેલા, ભાને કે બેભાને;
ભીડાવો ખંભા સુ ખંભાને
ધો ઠેલા, ધો ઠેલા, ધો ઠેલા ! ૨.

યંત્રોના યાંત્રિકો હારેલા
થાકેલા, પીધેલા, બ્હેકેલા,
સેતુઓ ભાંગીને સૂતેલા,

પડિયા છે, પડવા ધો, ધો ઠેલા !
હુમ્બેલા ! હુમ્બેલા ! ધો ઠેલા !
હોંશીલા ! જોશીલા ! ધો ઠેલા ! ૩.

●

# કેમ કરે ? કાયદો ને !

○

મીલ કેરે ચરખે રે હાથ મારો કાપી લીધો,
એક જ લબરકે રે કોણી લગી ચાટી લીધો !

રોજના ગોઠિયા રે હું ને મારો સંચો હતા,
હેતપ્રીત ખૂટિયાં રે આજ મને આપી ખતા. ૧.

હું યે ભુલકણો રે કાલને વિચારે ચડયો,
કુંવારી બેનનો રે દામ વન્યા વીવા ઘડયો !

'બેર બેર મૂરખા રે,' ભાઇબંધે હાંસી કીધી,
'ચરખો ચલવતાં રે રાખીએં દોરી સીધ. ૨.

"શેઠીઆવ માજન રે !" મારી મા રાવે આવી,
"આલો 'કુંપનસન' રે, બેટે મને કીધી બાવી."

"બાઇ બાઈ બોલકી રે !" શેઠીઆની ત્રાડું છૂટી
" 'કુંપનસન'ની રે કાયદામાં કલમું દીઠી ?" ૩.

કાયદાની કલમું રે શેઠીઆવ મોંચે રાખે,
માડી અણુસમજુ રે ! માજન સાચું ભાખે.

શેઠીઆવ લાચાર રે, કેમ કરે કાયદો નૈ !
માજન માવતર રે, ડોસલીની ભૂલ થૈ ગૈ ! ૪.

રાજા ન્યાયવાન રે, કેમ કરે કાયદો નૈ !
પરધાન વીદવાન રે, કેમ કરે? કાયદો નૈ !

માજન મેરબાન રે, કેમ કરે? કાયદો નૈ !
હું જ એક હેવાન રે, ધ્યાન ભાન રાખ્યું નૈ ! ૫.

•

# દૂબળાની નારી

○

તાપીના તીર તણી ગરવી ગુજરાતણુ
દીઠી મેં દૂબળાની નારી
દીઠી ગુજરાતની દુલારી .... રે
આજ દીઠી એ દૂબળાની નારી.

પાતળિયા દેહ પરે પૂરી નવ ચૂંદડી,
કાયાની કાંબડી કાળી ;
શ્રમનાં ગૌરવ કેરી ટશરો ટપકાવતી
લાલ લાલ લોચનિયાં વાળી :

સળગન્તા આભ હેઠ સબકારે ચાલતી,
દીઠી ગુજરાતની દુલારી
શોધી આપોજી મને એ રે સંઘેડિયો,
જેણે આ પૂતળી ઉતારી–દીઠી૦ ૧.

આષાઢી મેઘ અને થોડી શી વીજળી
લઇને બેઠેલ હશો બ્રહ્મા;
ભૂલકણા દેવ તમે પંખીડું વીસરી
ઘડી કેમ માનવની કન્યા !

પાંખોની જોડ એના હૈયામાં સંઘરી
સરજી તાપી તણી કુમારી,
ઊડું ઊડું હીંડતી હલકે વિદ્યાધરી;
દીઠી ગુજરાતની દુલારી–દીઠી૦ ૨.

સુખિયાં શહેરી જનોનાં સરજાતાં ખોરડાં
શીતળ નાજુક ને સુંવાળાં;
દેશી પરદેશી ચાર પાંચ લાખ પ્રોણલાં
આવે તુજ આંગણે રૂપાળાં.

કડિયાની હાક પડે, હડીઓ ત્યાં કાઢતી
દીઠી મેં દૂબળાની નારી;
ધગધગતી માટીની સૂંડલીઓ સારતી
દીઠી ગુજરાતની દુલારી–દીઠી૦ ૩.

પ્હોર ને બપોર એની બળબળતી દેહના
કરતી એ રોજ રોજ છુંદા;
ભાગ્યવંત બેનીઓનાં ભીંતડાંને કારણે
ખેંચે એ ધૂળ તણા લુંદાઃ

લાજી લાજીને મારી આંખો મીંચાણી
દીઠી મેં દૂબળાની નારી;
કોણે કીધી ગુલામ–નારી રે
તને ગરવી ગુજરાતની દુલારી!–દીઠી૦ ૪.

•

## 'ગરીબોદ્ધાર'ની ચાલાકીઓ

○

ગાઓ ગીતો 'ગરીબોદ્ધાર'નાં,
ખીસું ભરેલ ચાલાકી તણાં !

થાકયો મજૂર હતાશ બની
જ્યારે હુંકારી લાત લગાવવા આવે,
કામના કાળ-ઘટાડ અને
થોડા ઠીક પગારની માગણી લાવે;

ભાન ત્યારે એનું ભૂલવવા
એને પીરસજો 'દીનોદ્ધાર' નવા—ગાઓ૦ ૧.

એને નાવા ધોવા થોડી કોટડીઓ
થોડી આરસ-કુંડીઓ ને અરીસાઓ
આપો, આપો થોડી ચોપડીઓ
થોડી ડોલર-ચંપાની ફૂલ-લતાઓ;

દીન-કલ્યાણની એ ભ્રમણા
વિષે પ્રશ્ન ડુબાવો પગાર તણા !—ગાઓ૦ ૨.

એનાં બાળોને એક નિશાળ બાળો,
બાળો નર્સ થોડી, થોડી બાટલીઓ,
એને શ્વાસ લેવા થોડી બારીઓ મોરીઓ,
થોડી સુવાવડ-ખાટલીઓ;

દેજો બીજું ય માગે તે બધું,
રખે પૂછે પગાર કલાક તણું !—ગાઓ૦ ૩.

●

# પરદેશીઓને : પાતકીઓને : યોદ્ધાઓને

પાણીમાં ડાંગ મારનારા, લાજીને હવે છેટા રે'જો,
પોતાના દેશમાં પહોંચી, સાચી અમારી વાતો કે'જો. ૧.

દેશીડા પાતકી ! પધારો, ભારગીરથી છે આંગણુ રેલી,
એક જ ધરતીના તમે જાયા, મા પાપીઓને ધોશે પ્હેલી. ૨.

વીતેલી રાતનાં કુસ્વપ્નાં, સંભારવા ન થંભો ભૈયા !
વાયાં છે વાણુલાં કનકનાં, પાંખોને ધોઇ લેજો ભૈયા ! ૩.

અમૃત ને ઝેરના ઘડુલા, સિંધુ વલોવી કાઢયા સંગે,
અમિયલ રહેવું જો હોય દુલ્લા! ઘૂંટીને દોય પીજો સંગે. ૪.

## કાંતનારાં*

○

વીસ ને સાઠ વર્ષોનાં અંતર પૂરાયલાં હતાં,
અર્ધરાત્રિ તણે ગોદે બેઠી મા વળી પોતરી.

કયા દેહો, કયા ઓળા, કળાવું જરી દોહ્યલું
બત્તીના દૂબળા તેજે દેખાયે ચાર આકૃતિ.

ખાંસી ખાતી, થતી તાતી, ખીજાતી તહીં યૌવના;
રેંટીઓ ફેરવી ઊંચો, વદે વેણુ વિનયહીણું.

આજ આ કોકડું થાય પૂરૂં નહિ,
દેહની પૂણીઓ પૂણીઓ થઇ ગઇ.
સાપની જીભ સમ ત્રાક આ તાંતણો
ભક્ષતી જાય છે: શાપ કો' પાપનો. ૧.

કઇ મૂઇ નભાઇની કોકડે નજરૂં પડી!
અહીં કાંતું, તહીં કોને રેંટીએ શગ જઇ ચડી!

દીકરી ડાહી! આવી અધીરી ન થા!
રોટલી કાજ કરવાં રહ્યાં કાંતણાં;
કોકડે ઉતરશે આંખના તાંતણા,
તોય કાંત્યા કરો! પાપ છે આપણાં. ૨.

---

*મૂળ એક આર્યરીશ ગીત પરથી ઉતારેલ આ કથાગીતમાં યુવાન પૌત્રી અને વૃદ્ધ દાદી વચ્ચેનો જે સંવાદ છે, તે નવીન અને પુરાતન માનસ વચ્ચેની સરખામણી સમાન છે.

પ્રભુ યે કાંતતો બેઠો જીવન–મૃત્યુની પૂણીઓ
ઉતારે આત્મની ત્રાકે મહાપ્રેમની કોકડી.

રામને રેંટિયે રૂપાળા ત્રાગડા
અદીઠા ઊતરે : આપણે આંધળાં !
કનકને દીકરી ! ધૂળનાં ઢાંકણાં :
રતિ ભર રતનને પડળ ખાંડી તણાં ! ૩.

તારી મા ! ડાહી વાતોમાં મને શાતા નથી નથી;
કળે છાતી, બળે આંખો, અંગે અંગ પડે તૂટી.

રામની વાત કરવી ગમે મા તને,
દેહ કંતાય મુજ તાંતણે તાંતણે,
શું પડી આપણી ત્રિલોકીનાથને !
રામને રોઉં ? કે મુઠીભર ભાતને ? ૪.

નકી આ પૂણીના રૂની ગોઝારી ધરતી હશે;
નકી એનાં પડો વચ્ચે ચૂડેલો રમતી હશે.

કોઇ ખેડુ તણાં કનકમય ખેતરાં,
જાર ને બાજરીથી છલોછલ ભર્યાં:
પોંક ને પોપટા ખાઇ પી છોકરાં
રમન્તાં હશે–ત્યાં કટક તૂટી પડ્યાં ! ૫.

ઊભાં ધાન હશે રોળ્યાં, ડોળ્યાં નીર નવાણનાં,
મીંઢળબંધા વધેરીને બંબોળી ધરતી હશે.

સીમ હરિયાળીમાં તોપના ગલોલા
વરસિયા હશે ત્યાં મોતના મેહુલા—
ધેનુનાં ધણ અને વ્યોમનાં વાદળાં
સીંચતાં હતાં જ્યાં અમીનાં દૂધલાં. ૬.

વરાળો ત્યાં વિજોગણુની, હાય માવડી વ્હેનની,
વવાએલી હશે હો મા! ધેનુઓ ભાંભરી હશે.

એ બધા સામટા ખારથી ખદખદી
રહેલી ધરામાં વાવિયાં હશે બી;
તેની પેદાશમાંથી વણેલી પૂણી
આજ આવી પડી અહીં કો વાંઝણી. ૭.

કપાળે ફેરવી હાથ, લૂછી આંખ રતાંધળી,
માથાની ટાલ પંપાળી, બોલે ડોસલી બોખલી.

ખરું છે દીકરી! ખેતરે ખેતરે
મચ્યા'તા કેર, ચોરે ને ચોતરે,
રણથળો થયાં'તાં ગાયને ગોચરે,
ચિતાઓ ત્યાં બધે, ઓ હજુયે બળે. ૮.

ચિતા એ સૌ નિહાળું હું, નથી આંખ રહી છતાં:
ભૂલી જવા મથું તે સૌ ભુલાયાં જ નથી થતાં.

અભૂલ્યું ભૂલવા ભજું હું નાથને,
ટેકવું રેંટીએ ધ્રૂજતા હાથને;

કારમાં સોણુલાંથી ભરી રાતને
જાગતાં કાઢવી: ઊંઘવું શે બને ! ૯.

'કાંતો ને કાં મરો ભૂખે ! એ શું અંજામ આખરી !'
ધકેલી રેંટિયો કન્યા કમ્પતી થઇ ગઇ ખડી.

ભર્યાં કોઠાર ને આપણે લાંઘવું !
નીપજાવી ઢગે ઢગ, પછી ભીખવું !
દેવલાં દૂધડે ન્હાય, તે દેખવું !
બાળ ભૂખ્યાં ઉપાડી મસાણે જવું ! ૧૦.

'ઝીણું કાંતો ! હજુ ઝીણું ! આછી વણવી છ ચૂંદડી.'
કાંતનારીના હૈયાને ખાંપણની ય ખતા પડી !

રંગલીલા રમન્તી નગર-નારીઓ :
–રંગની, રૂપની, નૃત્યની ઝારીઓ–
ચગાવે ઘેરમાં ચૂંદડી ગોરીઓ.
જીવવું હોય તો તાર ઝીણા દિયો ! ૧૧.

અહીં કોઇ નથી બાકી પ્રભુ–સરજ્યાં માનવી;
નથી મુર્દાં, નથી માટી, અહીં સર્વ કરોળિયાં.

આપણાં જઠરથી ખેંચવો તાંતણો,
જીવનની લાળનાં રોજ વેજાં વણો !
માવડી, બેનડી, બેટડી, બુઢ્ઢીઓ !
માનવી કો' નહિ, સર્વ જન્તુગણો ! ૧૨.

બધું એ તોળતો બેઠો પ્રભુ ન્યાય ઉતારશે.
પ્રભુની ત્રાજુડી સાચીઃ પ્રાર્થના પ્રભુની કરો !

પ્રાર્થના કરી છે દિવસ ને રાત મેં;
પાતકી પુણ્યશાળી સહુ કારણે,
રડી છું પ્રાર્થના નીંદમાં સોણલે,
રટી છે પ્રાર્થના ક્રંદને ગાયને. ૧૩.

હજુ યે પ્રાર્થું છું એને, હૈયું કિન્તુ તૂટી પડયું,
ગયું આશા તણું પંખી; પ્રાર્થના રહી મૃત્યુની.

હવે તો આવશે નોતરાં નાથનાં,
મોત મારૂં થશે આખરી પ્રાર્થના;
પીંજરૂં ભાંગીને પંખીડાં આશનાં
કયાં ઊડયાં, કોણ પાસે કહું યાતના ! ૧૪.

ધીરી, ધીંગી, મૂંગી મૂંગી ઘાણીઓ ભયની ફરે,
ઓરાણી સૈ। જવાંમર્દી, એરડીનાં બિયાં પરે.

ચીંચોડા બ્હીકના જો રહ્યા ગાંગરી,
પિલાતી લોક–મરદાઇની શેરડી;
વીરતાને લઇ ખોળલે એ ખડી
કબર, ખાંભી અને મસાણે દેરડી. ૧૫.

મ બોલો કાળ–બોલી આ, બેટા ! ઠાકર સાંભળે;
ઘટે ઘટમાં વસ્યો વા'લો, વીંધાશે તુજ બોલડે.

હું ય સમજું છ મા! ફૂટેરા શ્રીહરિ
કાળ–ડંકા તણી જુવે છે વાટડી.
અદલ ઇન્સાફની ને ચૂકે એ ઘડી.
જાણવા છતાં ઝંખાય ઉર–દીવડી. ૧૬.

જન્તુ શા પેટ ઘાસંતા નર જ્યાં ચગદાઇ મરે,
સડીને જ્યાં મરે નારી, ત્યાં શ્રદ્ધા શી પ્રભુ તણી!

તોય ભગવાનને પ્રાર્થવા તું કહે?
ભલે તો પ્રાર્થના સૂણો ભવનાથ હે!
માણસાઇ તણાં નીર ફરી આપ હે!
ભવ્ય ભયહીનતા દે ફરી બાપ હે! ૧૭.

ઉચ્ચ શિરે ઊભા રહિયે પિતા આપની સન્મુખે,
એહવાં નિર્મળાં તેજે આંખડીઓ અમ આંજજે.

પ્રાર્થના આટલી બાપ! વરદાન દે
ભિક્ષુકોને? નહિ: વીરતાવાનને,
આવતી કાલનો ધ્વજ ઉંચકનારને
આજ ધવરાવતી વીરસૂ નારને. ૧૮.

નહિ તો ત્યાં સુધી–"હાં, હાં, પ્રાર્થના! કર પ્રાર્થના!
જો બેટા, લેરખી આવે સંદેશા લઈ ભાણુના!"

●

# બજે બજે ગંભીર ઘોર આરતી

[ કૃષ્ણજન્માષ્ટમી નિમિત્તે ]

o

તમે ગીતા પાઇ, પચી નહિ અમોને;
તમો ગયા ગાઇ, ન આવડ્યું અમોને.
તમે ત્યજ્યાં શસ્ત્ર સમર્થની છટાથી
અમે ય નિઃશસ્ત્ર અશકતની અદાથી! ૧.

બજાવી તેં વેણુ, અમે ન સૂર ઝીલ્યા;
ચરાવી તેં ધેનુ, અમે પૂજન્ત ખીલા!
તમે મરીને અમરત્વ મેળવ્યું
અમે ડરીને શતધા મરણ સહ્યું. ૨.

તમે પીધી કાળપ કાળી રાતની,
તમે પીધી કાળપ કાળીનાગની,
તમે પીધી કાળપ કુબ્જકા તણી,
તમે પીધી કાળપ કંસ—કાળની. ૩.

અરે તમે આખર ભાઇ ભાઇનાં
કરાળ કાળાં વખ–વૈર ઘોળિયાં,
છતાં રહી બાકી વિષાકત કાલિમા
કુટુંબીના કલેશની, તેય પી ગયા. ૪.

પ્રભાસનાં પીપળ—પાંદડાં હજી
ભરી રહ્યાં સાખ પરમ પીનારની;
તમારી જન્મોત્સવની બજે ભલે
હજાર ઘંટા વ્રજકુંજ—ખોળલે. ૫.

પરંતુ—

યુગેશની આખર બંધમુક્તિની
બજો અહીં ગંભીર ઘોર આરતી !

●

## હસતા હિમાદ્રિને

૦

તમે હસો છો મનુજોની ક્ષુદ્રતાને
મનુષ્ય માપે તમ ભવ્ય રૂદ્રતાને
હસો નહિ રૂદ્ર! શબોની સીડી ઢાળી
અહીં મનુષ્યો તુજ શૃંગની અટારી
પરે વિમાનો ઊડવી, કરાલ તોપો
વછોડશે : ને ધ્રૂજશે તમારી ખોપો.
હસો નહિ દેવ! પછી રૂદન રહેશે.

●

# ફાટશે અગ્નિથંભો ને–

[ રાજકોટના પ્રજાસંગ્રામમાં નાના એક બાળક પર પોલીસની લાઠી પડી તે પ્રસંગે. ]

○

થંભો જબાનો, કવિ–ગાન થંભો
વાણી અને સંગીત દોય થંભો;
અબોલ ઓ અંતરજામી માહરા !
'નમું તને !' એટલું બોલી થંભો.

ઝીંકાતી લાઠીઓ નીચે, ઢળી જો નિરદોષિતા;
એના ઘાવે થતા જખ્મી, અંકધારી રહ્યા પિતા.* ૧.

ઝીંકો ઝીંકો જોરથી ઔર ઝીંકો,
કાંડાં કળે ત્યાં લગ ભાઈ ! ઝીંકો,
કુંણાં કુંણાં બાળક વીણી વીણી
ભાલે અને ગાલ પરે જ ઝીંકો.

પ્રભુનાં પ્રેમ–અશ્રુ શાં બુંદે બુંદે જુઓ ફુટે
પુન્યનાં પોયણાં રાતાં, કાળસિંધુ તણે તટે. ૨.

પ્રહ્‌લાદની વાત પુરાણ–કાળની
ન્હોતી મનાતી, પણ આંહી બાળની
ફડાફડી ખોપરીઓની ભાળતાં
લળી પડે અંતર એ કથા ભણી.

---

* સ્વ. લાખાજીરાજ

પરંતુ થંભનાં લોઢાં હજુ આંહી ધગ્યાં છે ક્યાં !
પિતાએ હાથીને પાદે શિશુઓ ચગદ્યાં છે ક્યાં ! ૩

કતાર કીડી તણી જેહ થાંભલે
જલ્યા વિના અગ્નિપથે ચડી હતી,
હા ! એ જ થંભા સમ તોપ-ગોળલે
તમે શિશુડાં ! રમવા ચડી જજો !

ટાઢાં લોઢાં થશે ને એ થંભા દાતણ-ચીર શા
ચીરાશે, સ્થિર રે'જો હો ! હવે તો બહુ વાર ના. ૪

નહિ તદા દિવસ રાત્રિ ને હશે,
નહિ નહિ અંદર બહાર ને હશે,
સંક્રાન્તિના ઊંબર ઉપરે ઊભા
પ્રજાત્વનો થંભ ધગેલ ફાટશે.

ને ત્યાંથી કોણ-નરસિંહ ? ના, ના, કોક નવા રૂપે
અપાપી પાપીની સૌની ઊઠશે અંબિકા રૂપે.

## *હજુ કેટલાં ક્રંદન બાકી છે?

o

પુત્રોને ઝેરના પ્યાલા, પિવાડી પોઢાડજો;
અંકૂરો ઝાલતાં પે'લાં, બાવડાં છેદી નાખજો !

વિશ્વની કોટિ માતાઓ ! સંઘરા ક્રંદનો તણા
ખારાં વારિ તણાં ટાંકાં, હજુ શું રહિયાં ઉણાં.

મોં વાળ્યાં, માથડાં ઢાંક્યાં, ધડુસ્યાં છાતી–છાજિયાં;
હજુ ચે કેટલાં બાકી, ઉલેચણ આંસુનાં રહ્યાં !

બેટડા જન્મતી કાં તો, માવડી બંધ થા હવે;
કાં તો આંસુ જલાવી દે, હુતાશન ચેતાવ હે !

કારમા લોહ–થંભાઓ, ગાળી અગ્નિરસો પીવો !
કોટિકોટાન અંબાઓ ! આંકડા ભીડી નીસરો.

હીંચોળી પારણાં લીધાં : ઝંઝા–જૂથ બનો હવે,
ઝંઝેડો તખ્ત ને તાજો : પ્રલયંકર ચંડિકાઓ હે !

---

* સ્પેનના પ્રજાસંગ્રામ સમયે રચેલું

## *કાળનું વંદન

o

કોણે કહ્યું કાળ વિનાશપ્રેમી !
કોણે કહ્યું મૃત્યુ સડાવનારૂં !
'कालोऽस्मि लोकक्षयकृत्' ઉક્ત્ન્દો,
આંહી ખડો અંજલિ જોડી બંદો.

સિંહાસનો સલ્તનતો ઉખેડે,
વાસુકિ—ફેણેથી ખીલી ખસેડે,
પટ્ટણ કરે દટ્ટણ સે'જ હાસે,
એ કાળ જો આંહી ઝૂકી ઉપાસે
લોકોત્તરોના
પદપદ્મ પાસે.

---

*સ્વ. લોકમાન્ય તિલકની ૧૯૩૮ની સંવત્સરી પ્રસંગે.

## હું બધાયનો ગુલામ !

o

**ગુલમંઝી છંદ**

(૧)

હું જુવાન, હું જુવાન
હું તમામનો ગુલામ.
હું સદાય ઝીલતો બીજા તણાં સડેલ જ્ઞાન;
કોથળી નથી કયહીંય ચામડાની હું સમાન !

(૨)

હું સિપાહી જુદ્ધનો
બુધો અને અબુધનો.
નવીન ચેલકાઓ મુંડનાર સર્વ શોખીનો !
મને નિહાળતાંની વાર કાંઇ ઘેલડા બનો !

(૩)

હું તમારી ટોપલી
ચિરાડિયાં થકી છલી.
નકામ ચિત્ત–ચીથરાં વિચારનાં વહું ભલી !
તૂટેલ ટાંક, ડાબલી,
હું–માં સમાય : હું તમારી ટોપલી.

(૪)

હું ફૂટેલ ડોલચું :
ભરાય શું ? ઝિલાય શું ?
હરેક વાપરી પછી પછાડતું ફગાવતું.
ફળી વચાળ—હું ફૂટેલ ડોલ ડોલચું !

હું જુવાન ! હું જુવાન !
માફ માગું મે'રબાન !
હું નહિ બનું ગુલામ.

●

## સંધ્યાવેળા

○

વધે છે અંધારૂં,
ત્યમ ત્યમ વધે હામ પ્રિય હો !
વધુ ભૂતો ભાળું,
ત્યમ ઉર રમે રામ પ્રિય જો ! ૧

મને મસ્તી લાગી,
રમત રમવાને ધનગનું,
જશે સુસ્તી ભાગી.
વિજય–વીર હું છો નવ બનું. ૨

●

## કોઇ પૂછે કે—

○

પૂછે કોઇ શિશુ જો તમને,
નરક નામનું સ્થલ કયાં ?
પૂછે પુત્ર પિતાને, શિષ્ય
ગુરુને, રૌરવ-દુઃખ શાં ?
ઉત્તર વિના અટકશો ના !
'રાષ્ટ્રના ઇર્ષ્યાળુ દિલમાં.' ૧

દેશજનોની વિજય-વાટ પર
પત્થર થઇ પડવાનું,
જન-જાગૃતિનાં દરશન કરી કરી
એકલ ઉર જલવાનું,
ના પ્રભુ ! એથી ભલું જાણું
રક્તપિત્ત રગ રગ સહવાનું. ૨

# પુત્રની વાટ જોતી

○

રઝળુ દીકરા ! ઘેર આવજે,
નહિ વઢું તને, નાસી ના જજે. ૧.

વિષમ રાતને દેવ–દીવડે
ભજતી માતને દીન-ઝૂંપડે,
પથભૂલ્યા શિશુ ! આવી પોં'ચજે
પથ બીજે ચડી ક્યાંય ના જજે. ૨.

પ્રહરી હે ભલા ! પાય લાગું હું,
ગભરૂડી થઈ તાત ! વીનવું:
રઝળુ દીકરો ક્યાંય જો મળે,
પથ બતાવજે, ઘર ભણી વળે. ૩.

●

## ખમા ! ખમા ! લખવાર, એવા આગેવાનને*

○

બીજાંને બકરાં કરી, આપ બને ગોવાળ,
બીજાં સબ કંગાલ ને પોતે પાલનહાર;
લ્યાનત હજો હજાર,
એવા આગેવાનને. ૧.

બીજાંને બથમાં લઈ, થાપા થાબડનાર,
પોતાનાં વડિયાં કરે કદમે રમતાં બાળ;
ખમા ખમા લખ વાર,
એવા આગેવાનને. ૨

સિંહણ-બાળ ભૂલી ગયાં, ખુદ જનનીની કૂખ,
આતમ-ભાનની આરસી, ધરી એની સનમુખ;
મુગતિ કેરી ભૂખ,
જગવણહાર ઘણું જીવો ! ૩.

પા પા પગ જે માંડતાં, તેને પહાડ ચડાવ
તસુ તસુ શીખવનારના ઝાઝેરા જશ ગાવ;

* ગાંધીજીના ઓગણોતેરમા જન્મદિન નિમિત્તે.

રાતા રંગ ચડાવ,
એવા આગેવાનને. ૪.

'ખમણા વધજો એટલા! (અને) શિષ્ય સવાયા થાય!'
એ તો કેહેણી રહ ગઈ, રહેણી કિહાં કળાય?
પ્યાલા ભર ભર પાય.
(એવો) મૂર્શદ તો એક જ દીઠો. ૫.

પગલે પગલે પારખાં, દમ દમ અણુછતબાર,
શાપો, ગાળો, અપજશો ભરિયા પોંખણ—થાળ;
કૂડાં કાળાં આળ,
ખમનારા! ઝાઝી ખમા. ૬.

બાબા! જીત અજીત સબ, તેં ધરિયાં ધણી-દ્વાર,
મરકલડે મુખ રંગિયાં, દિલ રંગ્યાં રુધિરાળ;
રુદિયે ભરી વરાળ,
હસનારા ઝાઝી ખમા! ૭.

પૈસે પૈસે કૂટ—પટી, વાદોની વેચાય,
એ ગજ-પટીએ મુલકના હિમગિરિરાજ મપાય;
દિનડા એ પણ જાય!
જીરવણહાર જીવો ઘણું! ૮.

●

## જન્મભોમના અનુતાપ*

○

ભજનનો ઢાળ

જી રે બાપુ ! તમને કરાવી પારણિયાં,
હું થઇ ઉપવાસણી રે જી.
જી રે બાપુ ! ગોઝારાં અમારાં આંગણિયાં,
હું દૈત્ય ઠરી ડાકણી હો જી. ૧.

જી રે બાપુ ! નુગરી મુને તેં તો માનેલી,
મેં સંઘર્યાં'તા ઓરતા રે જી.
જી રે બાપુ ! જાતને જ નહિ મેં તો જાણેલી,
ધોખા એ હૈયે ધીખતા હો જી. ૨.

જી રે બાપુ ! મેંણલાં દૈ દૈને મેં બાળેલો,
તું વણુતેડયો આવિયો રે જી,
જી રે બાપુ પગલે ને પગલે પરજાળેલો,
જાકારો સામો કે'વિયો હો જી. ૩.

* રાજકોટ–અનશનના પારણા નિમિત્તે : તા. ૭ : ૩ : ૩૯

જી રે બાપુ ! હીરલાના પરખુ હોંશીલા,
 હસતો ને રમતો ઊતર્યો રે જી;
જી રે બાપુ ! કોયલાનાં આંહીં તો દલાલાં,
 ભરોંસે તું ભૂલો પડ્યો હો જી. ૪.

જી રે બાપુ ! ચુમિયું ભરીને ચાટી લીધાં,
 લોહીઆળાં જેનાં મોઢડાં રે જી,
જી રે બાપુ ! દૂધ પી કરીને ડંખ દીધા,
 વશિયલ એ ભોરીંગડા હો જી. ૫.

જી રે બાપુ ! તમે રે સંભારી જ્યાં સમાધ,
 આંપણ ત્યાં તો સાબદાં રે જી;
જી રે બાપુ ! તમે કીધા અલખના આરાધ,
 પડઘા મેં દીધા પાપના હો જી. ૬.

જી રે બાપુ ! મેંણુલાની દિજે બાપ માફી
 હું પાપણી ખોળા પાથરૂં રે જી;
જી રે બાપુ ! જતિ ને સતીનાં સત માપી,
 હું પાને પાને પરજળું હો જી. ૭.

## ભર ભર છાંટું અંજલિ*

o

ફૂલ ખર્યાં ફોરમ રહી, રહ્યા ગીત—ઝણકાર,
હારયાળી ધરતી કરી હાલ્યા મેઘ—મલાર;

તૂટ્યા તંબૂર—તાર,
ભણકારા ભવ ભવ રિયા. ૧.

ભવ ભવ ગોત્યે ભટકતાં ન જડે જોડીદાર,
જિનકી હેડી હલ ગઈ, તાકા બુરા હવાલ;

બસુરાં ને બેતાલ,
હેડી વિણ ગાયન હુવાં. ૨.

ભાઇ મરે ભવ હારિયેં, બેન મરે દશ્ય જાય,
માવીતર મરતે ઉના, આદશના વા વાય;

(પણ) સબ દુઃખ ભેળાં થાય,
હેડી! એક તમે મુવે. ૩.

સજન! તમારી ખાક પર ઝાઝા હજો જુહાર,
ભર ભર છાંટું અંજલિ, બખતરિયા જોધાર!

તેં દઇ દઇ પડકાર,
ભાગી ફોજું ભેડવી. ૪.

●

* સ્વ. મણિભાઈ ત્રિવેદીના મરશિયા.

# વીર જતીન્દ્રનાં સંભારણાં

○

રણશીંગાં બજિયાં નહીં, નવ ગહેકી શરણાઇ,
તલવારોની તાળીઓ સમરે નવ સંભળાઈ;
સિંધુડા–સૂર શરણાઇના નવ સુણ્યા,
હાક વાગી ન, તોખાર નવ હણહણ્યા,
ઘાવ પડ ઘાવ નવ ખડગના ખણખણ્યા,
યુદ્ધ–ઉન્માદના નાદ નવ રણઝણ્યા. ૧.

વિણ ઉન્માદે વીર તેં દીધો દેહ ધરી,
બિન્દુ બિન્દુ રક્તનાં રિપુને દીધ ગણી;
બિન્દુએ બિન્દુએ રક્ત દીધાં ગણી,
ચૂકવી પલપલે દેહની કણીકણી,
મૃત્યુને ગણ્યું તેં ગોદ માતા તણી,
કે શું પ્રિયમિલનની રાત સોહામણી ? ૨.

આવે મંગળ અવસરે, કોણ વિલાપ કરે !
કાયરતાને આંસુડે કોનાં નેન રડે !
વેગળી જાઓ રે અશ્રુની વાદળી !
વીરનાં તેજને નવ રહો આવરી,
નિરખવા દો મુને લાખ નયનો કરી,
આહૂતિ–જ્વાલ એ બાલની અણુકરી. ૩.

ગગનવિહારણ રાગના ગાજો નંદન-ઘોષ !
ઉત્સવ-દિન આપણ ઘરે, અરિજનને અફસોસ.

અરિજનો થરથરે એહવી ઘોષણા
ગરજી ગરજી ભરો ગગનનાં આંગણાં,
ઊઠ રે ઊઠ ઓ તરુણ કોડામણા !
વીરનાં વાંચ શોણિત-સંભારણાં. ૪.

વણગાયાં કયમ વિસરીએ, બહુમૂલાં બલિદાન,
ગાશું ઘરઘર ઘૂમતાં એનાં અર્પણગાન;

ગાઓ રે બેનડી વીરને વારણે,
ગાઓ રે માવડી પુત્રને પારણે,
બંદીજન ગાઓ બિરદાઈ સમરાંગણે,
ભક્તજન ગાઓ મંદિરને બારણે. ૫.

તારી ટેક ત્યજાવવા મથનારા કંગાલ,
કાળાં મુખ નીચાં કરી કૂટે વ્યર્થ કપાળ;

કૂટતા કપાળો ક્રૂર કંગાલ એ,
તાહરાં શાંત વીરત્વ નિરખી રહે,
'હાય ! હા હારિયા,' દાંત ભીંસી કહે,
અણનમ્યા વીરને જાલિમો કયમ સહે. ૬.

બાણપથારી ભીષ્મની, દધીચિનાં વપુદાન,
મોરધ્વજે કરવત સહ્યાં, એ ઇતિહાસી ગાન.

જીર્ણ ઇતિહાસનાં ગાન એ વિસરિયાં,
જૂઠડી ભાવનાના થરોથર થયા,
નવેલા શૌર્ય—આદર્શ તેં સ્થાપિયા,
સમર્પણનાં નવાં મૂલ તેં આંકિયાં. ૭.

ઝીલો ઝીલો મલકતા જાલિમ તણા પ્રહાર,
લાલ કસૂંબળ રક્તની ફૂટે શોણિત—ધાર;

પ્રહારે પ્રહારે ઉર—પતાળો ફૂટે,
કસૂંબળ રંગની રક્ત-છોળો છુટે,
મૃત્યુ—ભયના કૂડા લાખ બંધો તુટે,
પાળ ફોડી અને પ્રાણનદ ઊમટે. ૮.

રજ રજ નોંધી રાખશું હૈયા બીચ હિસાબ,
અવસર આવ્યે માગશું કિસ્મત પાસ જવાબ;

માગવા જવાબો એક દિન આવશું,
ભૂખરી પતાકા સંગમાં લાવશું,
અમારા રક્તના હોજ છલકાવશું,
માતનો ધ્વજ ફરી વાર રંગી જશું. ૯.

●

## નૂતન યુગના જોગંદર જગદીશને*—

[ કટાવ ]

૦

ભૂકમ્પે   દફનાઇ ગયેલા
આ   પાષાણી   ખંડેરોની
રજ   ખંખેરી,
કોણ   અદીઠા   તપોભવનને
તેં   અજવાળ્યું
એ જગદીશ !
એ   જગદીશ !

કયા   પુરાતન આર્ય મહર્ષિ
તણો   નવોદિત
તું   અવતારી
એ   જગદીશ !
એ   જગદીશ !

---

*કવિ ટાગોરના બંગાળી કાવ્યના અંગ્રેજી પરથી અનુવાદ.

૨

અદબદતી જનતાના પાગલ
કોલાહલમાં અણુચલ રહીને
કોણ મળ્યો તું
વિરાટના લઘુ વચબિન્દુનો
પ્રશાંત શોધક
એ જગદીશ !
એ જગદીશ !

૩

સૂર્ય – ચાંદલે,
પુષ્પ – પાંદડે,
પશુ–પંખી પાષાણ–ધૂળમાં,
ઝુલે અનિદ્રિત
એક જ્યોતિ–કણુ
એ વિરાટના હૃદય–પારણે,
ઝુલે ઝુલાવે સચરાચરને:
શબ્દહીન હાલરડાં ગાતા
એ જ્યોતિને
લીધ ઓળખી
કયા લોચને
એ જગદીશ !
એ જગદીશ !

૪

અમે મદાંધો ફૂલણકુકડા
અતીતના ગૌરવને ફાંકે
બની ફાંકડા
ફરતા ફરતા
વિદેશ–સાજે,
વાતો કરતા પર–વાણીમાં;
પરજન કેરા નકલી વાંદર,
અમે પરાયી ચાક્ય-છટાનાં
ચટકાં કરતા :
પૂર્વજના અંધાર–કૂપમાં
ડોક ઝુલાવી
ડરાં ડરાં કલશોર ગજવતાં
અમે દેડકાં—
તે સમયે તું
કયા વિશ્વના શેષ–સીમાડા
હતો ઘૂમતો
હે જગદીશ !
હે જગદીશ !

૫

કયા અગોચર ત્રિલોક–તટ પર
ગહન ગોદડી બિછાવતો'તો,
તું જોગંદર ?

દૃશ્ય જગતના શેષ–સીમાડા,
ગયો વટાવી
અદીઠ એક કિરણની શોધે,
અરૂપની ગાયબ દુનિયાનાં
દર ઢંઢોળ્યાં,
ઊઠયા પુરાતન ઋષિ–પ્રાણીઓ,
ઉઘડ્યાં દ્વાર,
પ્રવેશ્યો અતિથિ,
बहु स्याम्नां
સિંહ–દ્વાર વટાવી ઊભો
एकोऽहं ની ભવ્ય સન્મુખે
દ્વય કર જોડી,
ચકિત સ્તબ્ધ
વાચાહીન મુખે
પ્રણમ્યો વિભુને

ઓ જગદીશ !
ઓ જગદીશ !

૬

સામ-ઋચાના અસલ શબ્દની
હાકલ દે હે નવલા જોગી !
માર હાક "उत्तिष्ठ जाग्रत !"
હાકલ દે આ
મતિહીણા વાતુલ જનોને,

શાસ્ત્ર – અર્થની
વ્યર્થ બડાઇ કર્યા કરતાને !
ઓ જગદીશ !
ઓ જગદીશ !

૭

સાદ પડયો તુજ–
"વળી જાઓ આ પ્રકૃતિ કેરા
સ ત્ય – પા ટ લે
ધરતીના સુવિશાલ બાજઠે."
કર તેડાં તુજ યજ્ઞ-વેદિની
ચોગમ નવદીક્ષિત બટુકોને
આસન દે તું
ઓ જગદીશ !
ઓ જગદીશ !

૮

એ તવ નવદીક્ષાને તાપે
એક દિવસ આ
રાષ્ટ્ર પુરાતન
અમૃત પીશે
આ ત્મ ભા ન નાં,

કર્મભક્તિના આસન ઉપર
અણુઠગ કાયા
ઠેરવશે ને
સ્વધર્મ સ્મરશે
ભક્તિ ભજવશે
યોગસમાધિ—
માં ફરી ઠરશે

ઓ જગદીશ !
ઓ જગદીશ !

## અણવંચાયેલા અગમ સંદેશા*

○

ઢાળ–સો સો રે સલામું મારાં ભાંડુડાંને કે'જો રે

સંદેશા મગાવો કોના સંદેશા મગાવો રે
બાપાને સમૈયે કેના સંદેશા મગાવો રે
સંતને સમૈયે શેના સંદેશા મગાવો રે! ૧.

સંદેશા વંચાણા સૌના સંદેશા વંચાણા ને
અણ રે વંચાણા થોડા ઉકેલાવી લાવો રે,
શબદ અનોખા એની રૂશનાઈ નોખી બાપા!
લહીઆ ને લેખણુ એનાં અકળ કળાવો રે. ૨.

આદુની સમાત્યું કેરા ટિંબા આજ ઊઘડે ને
ઊઘડે અલોપી કબરૂં, મશાલું જલાવો રે;
જતિ ને સતીના જૂના મહાસંઘ માયલા આ
અબધૂત કેરી પૂરી પિછાન કરાવો રે. ૩.

પે'લે ને સંદેશે ફાટ્યો રણ કેરા રાફડા ને
રજપૂત–જાયા જોગી રામા પીર ધાયો રે;
હિન્દવાણુ માથે પંજો પે'લુકો વટાળનો રે
ઝીલનાર હિન્દવા પીરના જુવાર જણાવો રે. ૪.

*ઠક્કરબાપાની એકોતેરમી જન્મ–જયંતી પ્રસંગે

"અમારે નસીબે નો'તાં તમ સમાં આયખાં રે,
"અમારી અધૂરી ઘોણ્યું, તમે ઊજવાવે રે;
"અમારા નીલુડા નેજા તમ શિરે શોભજો ને
"અમારા ઘોડીલા બાપા ! જુગતે ખેલાવો રે." ૫.

બીજે ને સંદેશે પાણા ધ્રૂજે છે પરબના ને
સળવળે સોડયું, બોલે દેવીદાસ બાવો રે:
"અમારાં લુચેલાં બાકી પરૂ પાસ લૂતા બાપા
"અમારી અકારી–ઝોળી એને જૈ ભળાવો રે." ૬.

ત્રીજે ને સંદેશે કોટિ વધસ્થંભ ડોલતા રે,
જખમી જીગ્રુની ઝાઝી સલામો સુણાવો રે:
"અમારે ઉધારણુ—પંથે હુકાનું મંડાણી બાપા !
"અમારી કલેજાં–ઝાળો તમે ઓલવાવો રે". ૭.

ચોથે ને સંદેશે કાંપે હિમાળાની કંદરા ને
શિવોઽહં પોકારી શંભુ ઉચારે ઋચાઓ રે:
"અમારી ઝીલેલી ગંગા રુંધાઇ રહી'તી બાપા !
"વહાવણહારા કેરાં ડમરૂ બજાવો રે." ૮.

●

# સાહિત્યની બારમાસી

o

સખી ! કારતકે કવિતાની ઝડીઓ રે,
જાણે ખખડે ફૂટેલી બંગડીઓ રે,
કવિની પત્ની ફેંકી દેતી ખડીએ;
રઘુપતિ રામ હ્રદેમાં રે'જો રે. ૧.

સખી ! માગશરે મોંઘા છે કાગળ રે,
પૈસા ન મળે પ્રકાશક આગળ રે,
તો યે ચલવ્યું છે ધાકડે ધાકડ;
—રઘુપતિ રામ૦ ૨.

સખી ! પોષે પસ્તીના તોલે રે,
મારાં પુસ્તકના ભાવ બોલે રે,
બૂકસેલરો કાળજાં ઠોલે;
—રઘુપતિ રામ૦ ૩.

સખી ! માઘે પોતા કેરાં પડઘમ રે,
ગજવીશું માસિક કાઢી ધમધમ રે,
જાણું જાહેરખબરોનો મર્મ;
—રઘુપતિ રામ૦ ૪.

સખી ! ફાગણે ફાવટ ના'વી રે,
રૂપાન્તર કે ભાષાન્તરની ચાવી રે,
તરજૂમાની મોસમ આવી;
—રઘુપતિ રામ૦ ૫.

સખી ! ચૈતરે ચિત્ર કઢાવો રે,
કનુભાઇ કને દોડયા જાઓ રે,
ભલે એની એ તાણે રેખાઓ;
—રઘુપતિ રામ૦ ૬.

સખી ! દાવ બળે વૈશાખી રે,
પાઠ્યપુસ્તકની રત પાકી રે,
યુનીવર્સિટી કેકની કાકી;
—રઘુપતિ રામ૦ ૭

સખી ! જેઠે જનાબ બુખારી રે !
દેશો રેડીઓ ઉપર વારી રે,
અર્થઘન છે કવિતાઓ મારી;
—રઘુપતિ રામ૦ ૮

સખી ! આષાઢમાં અનુવાદો રે,
મુવા શરદબાબુ, નથી વાંધો રે,
ભાષા-ભાવની ખીચડી રાંધો;
—રઘુપતિ રામ૦

સખી! શ્રાવણે બાલસાહિત્યે રે,
બાંડી બોબડી ભાષાની ભીંત્યે રે,
ફેંકો લોંદા ફાવે તેવી રીત્યે;
—રઘુપતિ રામ૦ ૧૦.

સખી! ભાદરવે ભય ટળિયા રે,
એઠા જૂઠા અહીં તહીંથી મળિયા રે,
સોશ્યાલીસ્ટ સાહિત્યના હાળિયા;
—રઘુપતિ રામ૦ ૧૧.

સખી! આસોનાં લક્ષણ કાળાં રે,
આંટા ખાય ઉઘરાણીઓવાળા રે,
કાઢો એક નવી ગ્રંથમાળા;
—રઘુપતિ રામ૦ ૧૨.

●

# અનાદર પામેલી લેખિનીનો પત્ર

[બંગાળી માસિકોની ઊભા ને ઊભા રહેતી કાવ્યોની માગણીએ કવિવર રવીન્દ્રનાથને લાચાર બનાવ્યા છે. વૈશાખના વિચિત્રા–અંકને કવિ એક કાવ્ય મોકલે છે, તેનો આ અનુવાદ છે. તેમાં કાલિદાસે 'મેઘદૂત'માં યક્ષને જે સ્થાન આપ્યું તેવું હાસ્યરસિક સ્થાન કવિવર 'કાલિદાસી' અર્થાત્ કલમને આપે છે.]

○

સંપાદકજી બ્હાર થકી તાકીદ કરે છે,
અંદરથી લખવાની તાકીદ એક નથી રે!
ગદ્યપદ્યનું મૌન હૃદયની મધ્ય જડાયું,
ગણગણ કરતાં જાય દિવસ ને ખૂટે આયુ.
ટાઢ તાપમાં ખેતર સામે તાકી બેસું,
સૂઝે નવ કો શબ્દ, ભર્યું ભેજામાં ભૂસું. ૧.

ડેસ્ક પરે આ પડી બાપડી બડી વિજોગણ,
હોત કદી જો કવિ–કાષ્ઠની એ મુજ લેખણ,
વિરહોર્મિ નિજ પદ્ય મહીં વહવીને લાવત,
પ્રિયાવિયોગી યક્ષ સમું આ ગાન સુણાવતઃ ૨.

સુણો કવિ ફરિયાદ, ત્વરિત તમ જવાબ દેજો,
ચંપા સમ તમ આંગળીઓને વંદન કહેજો,
જે લેખણ તમ હસ્તસ્પર્શથી જીવન પામી,
અચલકૂટના દેશવટા એ શે સહેવાની !
ગાત્ર ગયાં મુજ ગળી, બંધ મશીપાન થયાં છે,
સજા વ્યર્થતા તણી કઠિન આ કયમ ખેંચાશે ! ૩.

સ્વાધિકારનો મદ ચડિયો મુજને કદિ પેખ્યો ?
બાર સમો તમ બોલ એક મેં કદી ઉવેખ્યો ?
કાગળ પર અક્ષરો ઝરે તમ ઉરની ભાષા,
હરદમ એ વિણુ હતી કોઈ મુજને અભિલાષા ?
નીલકંઠ હું બની, તમારી ખિદમત કાજે,
નીલ શાહીનું ગરલ પી પી મુજ કંઠ જલે છે. ૪.

તમ કીર્તિના પથે ખેંચતી અગણિત રેખા,
એક પુસ્તકે તોય ન મમ નામાક્ષર દેખ્યા;
તમ હસ્તાક્ષર થકી બન્યો મોંઘેરો કાગળ,
પુરસ્કાર વિણુ રહી એકલી હું જ અભાગણુ.
કાગળનું મહાભાગ્ય, મેજ પર સૂતા રહેવું !
ડાબી જમણી દોડદોડ કરી મારે મરવું.
લખ્યું તમારૂં સર્વ અને તમ નામ તણો જશ
જાય દુષ્ટ કાગળને; મુજને સદાય અપજશ. ૫.

કીર્તિહીન ખિદમત કરીકરી મુજ અંગો ગળશે,
શાપવિસર્જન તણો કાળ તે દિવસે મળશે.
કવિજી ! તમ વાચાળપણાનો ક્યાંય ન જોટો,
અનુસરી તમને લખ્યો પત્ર આ લાંબો મોટો.
ખતમ થઈ ફરિયાદ માહરી, રજા લઉં છું,
સદા આપના ચરણ તણી કાલિદાસી છું. ૬.

●

## ઉચ્ચ મસ્તક

○

મા સર્વથી વહાલું તને હો ઉચ્ચ મસ્તક !
બેડી, રસી ફાંસી ભલે હો, ઉચ્ચ મસ્તક !
ભૂખી અને પ્યાસી ભલે હો, ઉચ્ચ મસ્તક ! ૧.

મેંણાં જુઠાણાંની ઝડી હો, ઉચ્ચ મસ્તક !
ફૂડની કલેજે શારડી હો, ઉચ્ચ મસ્તક ! ૨.

કરવા ખુલાસા શોભતી ના, ઉચ્ચ મસ્તક !
બેબાકળી બિલકુલ થતી ના, ઉચ્ચ મસ્તક ! ૩.

●

## તકદીરને ત્રોફનારી

○

[બાઈ! મેં તો પકડી આંબલિયાની ડાળ રે
જંગલ બીચ હું ખડી રે જી—એ ભજનઢાળ]

બાઇ! એક ત્રાજવડાં ત્રોફણહારી આવી રે,
ત્રોફાવો રૂડાં ત્રાજવાં હો જી;
છૂંદાવો આછાં છૂંદણાં હો જી.

બાઈ! એ તો નીલુડા નીલુડા રંગ લાવી રે,
ત્રોફાવો નીલાં ત્રાજવાં હોજી!
છૂંદાવો ઘાટાં છૂંદણાં હોજી!

નાની એવી કુરડી ને,
માંહી ઘોળ્યા દરિયા;
બાઇ! એણે કમખામાં સોય તો સંતાડી રે,
પાલવ ઊંચા નો કર્યા હો જી.—બાઇ એક૦ ૧.

આભને ઉરેથી એણે
આધી કરી ઓઢણી,
બાઇ! એણે નવ લાખ ટીબકી બતાડી રે
કીધું કે આ મેં ત્રોફિયાં હો જી.—બાઇ એક૦ ૨.

રામને રૂદેથી એણે
કોરે કરી પાંભરી,
બાઇ ! એણે કીરતીની વેલડિયું ઝંઝેડી રે
કીધું કે આ મેં ત્રોફિયાં હો જી.—બાઇ એક૦ ૩.

ભર રે નીંદરમાં
સૂતેલા ભરથરી,
બાઇ ! એના લલાટેથી લટડી ખસેડી રે
કીધું કે આ મેં ત્રોફિયાં હો જી.—બાઇ એક૦ ૪.

પીઠ તો ઉઘાડી એણે
જોગી ગોપીચંદની,
બાઇ ! એની જનેતાને આંસુડે ઝરેલી રે
કીધું કે આ મેં ત્રોફિયાં હો જી.—બાઇ એક૦ ૫.

મનડાં મોહાણાં મારાં,
દલડાં લોભાણાં ને,
બાઇ ! મેં તો કાયાને કીધલ ત્યાં ઉઘાડી રે,
લાડુડા એણે મૂકિયા હો જી.—બાઇ એક૦ ૬.

સુરતા રહી નૈ મારી,
સૂતી હું તો લે'રમાં;
બાઈ! એણે સોયુંની ઝપટ જે બોલાવી રે
ઘંટીના પડ જયું ટાંકિયાં હો જી.—બાઈ એક૦ ૭.

ગાલે ટાંકયાં ગલફૂલ,
કાંડે ટાંકી કાંકણી;
બાઈ! મારી ભમ્મર વચાળે ટીલ તાણી રે
ત્રોફ્યાં ને ભેળાં કૂંકિયાં હો જી.—બાઇ એક૦ ૮.

કલેજા વચાળે એણે
કોર્યો એક મોરલો,
બાઇ ! મેં તો અધૂરો ત્રોફાવી દોટ મારી રે
કાળજડાં કોરાં રિયાં હો જી.—બાઇ એક૦ ૯.

ડેરે ને તંબૂડે ગોતું,
ગોતું વાસે ઝૂંપડે;
બાઈ! મારાં તકદીરની ત્રોફનારી રે
એટલામાં ચાલી ગઈ કિયાં હો જી.—બાઈ એક૦ ૧૦.

# યજ્ઞ-ધૂપ*

○

આઘેરી વનરાઈમાં ઇંધન ક્યાં ચેતાય ?
કોને આંગણ યજ્ઞમાં આપણ તેડાં થાય ?

યજ્ઞનો ધૂપ ધમ ! ધમ ! દિગન્તે ચડે,
નોતરાં યુદ્ધનાં બારડોલી ઘરે,
દૂર બેઠેલ અમ પ્રાણ થનગન કરે,
યજ્ઞનો ધૂપ આકાશ ભર ઊભરે. ૧.

મીઠી સૌરભ ધૂપની દૂર સુદૂર છવાય,
લાખો હૈયાં તુજ પરે હોમાવા હરખાય;

લાખ હૈયાં ધબકતાં તુંને ભેટવા,
તોપ બંદૂક તલવાર પર લેટવા,
આજ તુજ યજ્ઞ-ધૂપે ભભકતી હવા,
પ્રેરતી લાખને યુદ્ધ-ઘેલા થવા. ૨.

લાખ લાખ નયનો રહ્યાં નિરખી અંબર માંય,
તારા યજ્ઞ-ધુંવા તણી યુદ્ધ-નિમંત્રક ઝાંય;

* (બારડોલી સત્યાગ્રહ સમયનું)

નિરખતાં લાખ નયનો ગગન-કાંગરે,
ધૂંધળો ધૂપ ચઢતો જગત-નોતરે,
ભડ થજે, ભય નથી, આજ અમરાપરે
દેવ-કુલ યજ્ઞ તવ નિરખવા ઊતરે. ૩.

રહેજે મક્કમ મરણ લગ, મોત બિચારૂં કોણ!
તું મરતે જીવવું ગમે એવો કાયર કોણ!

તું મરંતે હજારો તનય હિન્દના
વિચરવા એ જ પંથે અમર ધામના
સજ્જ ઊભા, તું નિષ્પાપ છે, ડરીશ ના!
યજ્ઞનો ધૂપ પીધા પછી ફરીશ ના! ૪.

•

# મોતનાં કંકુ-ઘોળણ

○

કંકુ ઘોળજો જી કે કેસર રોળજો!
પીઠી ચોળજો જી કે માથાં ઓળજો!

ઘોળજો કંકુ આજ યોદ્ધા રંગભીને અવસરે,
રોપાય મંડપ મોતના ગુર્જરી કેરે ઘરઘરે;
મીંઢોળબંધા, તજી માયા, સજી આયુધ નીસરે,
હરખાઓ પ્રિયજન, ગાઓ ગુણીજન, દાવદુશ્મન થરથરે. ૧.

જોદ્ધા જાગિયા જી કે કાયર ભાગિયા,
ડંકા વાગિયા જી કે હાકા લાગિયા;

લાગિયા હોહોકાર રણલલકાર ઘર ઘર બારણે,
કંકુ લગાવત પ્રિયા, બહેની લળે વીરને વારણે;
સહુ સાથ લડશે, પછી રડશે કોણ કોના કારણે!
રિપુઓને આંગણ સંગ-પોઢણ પામવા દિલ રણઝણે. ૨.

માંડયાં કારમાં જી કે જુદ્ધ જગે નવાં,
ના ના મારવાં જી કે શીશ સમર્પવાં;

કારમાં રણ ખાંડા વિનાનાં, ખેલવા હાકલ પડી,
હુલ્લસિત હૈયે ઘાવ તાતા ઝીલવા સેના ચડી;
છો હણે ઘાતી, રમે થાતી રોષ–રાતી આંખડી,
ગુર્જરી! તારાં જુદ્ધ નવલાં ન્યાળવા આલમ ખડી. ૩.

ગુર્જર ઘેલડી જી કે આ અલબેલડી!
સમરાંગણ ચડી જી કે તું નહતી લડી!

નહતા લડ્યા તારા બિચારા બાળ ગભરૂ ઘેલડા,
હર વરસ હોરી–ખેલ રસબસ રમન્તા તુજ છેલડા!
આવિયો ફાગણ. આજ ભીષણ, ખેલજો રે ફુલ–દડા!
મોતની ઝારી રક્ત–પિચકારી ભરી રિપુદળ ખડાં. ૪.

રાજ વસંતનાં જી કે વાહ વધામણાં!
ગાઓ ગાવણાં જી કે જુદ્ધ જગાવણાં;

ગાઓ બજાઓ, જુદ્ધ જગવો, વાહ ઘોર વધામણાં!
ગુર્જરી તારે મધુવને ગહેકે મયૂરો મરણના;
મઘમઘે જોબન, પ્રાણ થનગન, લાગી લગન સહાય ના,
પ્રગટે હુતાશન, ભીતિનાશન, ખમા વીર! ખમા! ખમા! ૫.

●

## અસહ્ય વાત*

○

મને મારનારા ગોળી છોડનારા
એને ઘેર હશે મારા જેવી જ મા,
એ હરેકને ધોળુડાં ધાવણ પાઈ
ઉઝેર્યાં હોશે હૈયાહીર સમા. ૧.

કવિઓની કવિતામાં ગાયું હશે એણે,
માટીને પૂજી હોશે કહી 'મા';
એ મનેય જો અંતરિયાળ મળે
તો બોલાવે કહી 'તમે કોણ છો મા?' ૨.

છો સંહારે ચડયા આજે પેટને કારણ,
એક જ વાત સે'વાય છે ના—
એને મોતને પંથ ચડાવણ જીભ
બોલે છેઃ 'મારો, મારો, માગે છે મા!' ૩.

●

* જાપાની સૈનિકોને નિર્દેશીને કલ્પેલા ચીનાઈ જનેતાના ભાવો

# શૉફરની દિવાળી

○

: ઝૂલણા :

નગરની રોશની નીરખવા નીકળ્યાં
શેઠ શેઠાણી ને સાત છૈયાં;
ચકચકિત મોટરે દીપકો અવનવા,
હાર ગલપુલ સજ્યાઃ થૈ થ થૈયાં ! ૧.

થૈ થ થૈ ડોલતી ચાલમાં ચાલતી
ગાડીને જોઈ જન કૈક મોહે;
આગલી પાછલી ગાડીના ગર્વને
મોડતી હાથણી જેમ સોહે. ૨.

આપણા રાવ શોફર તણી હાંકણી !
ભલભલી મૂછના વળ ઉતારે;
વાંક ને ઘોંકમાં શી સિફત ખેલતો
ફાંકડો રાવ નટવી નચાડે ! ૩.

શેઠના પેટમાં બિન્દુ પાણી હલે,
છાતી શેઠાણીની લેશ થડકે,
(તો) ફાંકડા રાવના હાથ લાજે—અને
રાવને હૃદય બદનામ ખટકે ! ૪.

'રાવ, મોટર જરી બગલમાં દાબ તો !'
શેઠનાં નયન સૌંદર્ય શોધે;
'રાવ, સરકાવ ગાડી જરી પાછળે.'
શેઠ-પત્ની ઢળે રૂપ જુદે. ૫.

ચાર દિવસો તણી ચમકતી પર્વણી :
ચિત્રપટ, નાટકો ને તમાશા :
'સાલ નવ મુબારક' કાજ અહીં તહીં બધે
ઘૂમિયાં પલટી પોશાક ખાસા. ૬.

થાક આનંદનો લાગિયો, શેઠિયાં
બીજનો દિન ચડયો તોય સૂવે :
રાવ મોટર તળે જાય ઓજાર લૈ :
પોઢવા ?—નૈ જી, પેોલ ચૂવે ! ૭.

'શું થયું રાવ ! ગાડી બગાડી નવી !
આમ બેધ્યાન કયાં થઇ ગયો'તો ?'
'દીપમાલાની સ્વારી વિષે શેઠજી !
એક દીવો તહીં ગુલ થયો'તો'. ૮.

'કયાં ?'-'તહીં એક અંધારગલ્લી તણી
'ચાલની આખરી ઓરડીમાં,
'નાર મારી અને બાળ બે ગોખરાં
'ચાર રાત્રી સુધી વાટ જોતાં, ૯.

'બારીએ લાલટિન લટકતું રાખજે,
'આવી પ્હોંચીશ આજે હું વે'લો :
'વાટ જોતાં મળી આંખ એની હશે,
'તેલ ખૂટયું હશે—હું ય ઘેલો ૧૦.

'દીપમાલા ત્યજી ત્યાં નિહાળી રહ્યો,
'પીઠથી ગાડીએ દીધ ઠેલો,
'પાંસળાંમાં ખુતી સોટી સાર્જન્ટની,
'હેબતે હું ઘડી ભાન ભૂલ્યો.' ૧૧.

'હા અલ્યા રાવ! અફસોસ, હું યે ભૂલ્યો,
'તાહરે પણ હતી કે દિવાળી ?
'શી ખબર, તું ય પરદેશમાં માણતો
'નારબચ્ચાંની સોબત સુંવાળી !' ૧૨.

એમ કહી શેઠીએ આઠઆની દીધી
ને દાધી શીખ અણમૂલ આખી:
'ગાંડિયા ! આંહીં તો એકલા કામીએ
'આ બધી લપ્પને વતન રાખી.' ૧૩.

# ગરજ કોને ?

○

ગરજ હોય તો આવ ગોતવા
　　હું શીદ આવું હાથ હરિ !
ખોજ મને જો હોય ખેવના
　　હું શીદ સ્હેલ ઝલાઉં હરિ !—ગરજ૦ ૧

ગેબ તણી સંતાકુકડીમાં
　　દાવ તમારે શિર હરિ !
કાળાન્તરથી દોડી રહ્યા છો
　　તોય ન ફાવ્યા કેમ હરિ !—ગરજ૦ ૨

સુફીઓ ને સખી-ભકતો ભૂલ્યા,
　　વલ્લવલીઆ સહુ વ્યર્થ હરિ !
'સનમ ! સનમ !' કહીને કો રઝળ્યા,
　　કોઇ 'પિયુ ! પિયુ !' સાદ કરી—ગરજ૦ ૩

પોતાને પતિતો દુષ્ટો કહી
　　અપમાને નિજ જાત હરિ !
એ માંહેનો મને ન માનીશ,
　　હું સમવડ રમનાર હરિ !—ગરજ૦ ૪

તલસાટો મુજ અંતર કેરા
દાખવું તો મને ધિક્ હરિ !
પતો ન મારો તને બતાવું
હું-તું છો નજદીક હરિ !—ગરજ૦ ૫

મારે કાજે તુજ તલસાટો
હવે અજાણ્યા નથી હરિ !
હું રીસાયલ ને તું મનવે
વિધવિધ રીતે મથી હરિ !—ગરજ૦ ૬

પવન બની તું મારે દ્વારે
મધરાતે ગુમરાય હરિ !
મેઘ બનીને મધરો મધરો
ગાણું મારાં ગાય હરિ !—ગરજ૦ ૭

વૈશાખી બળબળતાં વનમાં
દીઠા ડાળેડાળ ભરી
લાલ હીંગોળી આંગળીઆળા
તારા હાથ હજાર હરિ !—ગરજ૦ ૮

માછલડું બનીને તેં મુજને
ખોળ્યો પ્રલયની માંય હરિ
હું બન્યો કાદવ, તું બની ડુક્કર
રગદોળાયો, શરમ હરિ !—ગરજ૦ ૯

પથ્થર લક્કડ પશુ પંખી થૈ
　　નજર તમારી ચુકાવી હરિ !
માનવ થઇ પડું હાથ હવે, તો
　　જગ કહેશે, ગયો ફાવી હરિ—ગરજ૦ ૧૦

લખ ચોરાશીને ચકરાવે
　　ભમીં ભમીં ઢુંઢણહાર હરિ !
ડાહ્યો થૈ કાં દાવ પૂરો દે,
　　કાં તો હાર સ્વીકાર હરિ !—ગરજ૦ ૧૧

●

## વધુ ન માગ્યું

*એક પરદેશી હતો મુરખડો
કબરમાં ય નવ પતો
અરે ભાઈ કબરમાં ય નવ પતો,
પીંજરાં તે એનાં કીડલે ભરખ્યાં
શબ્દ એનો તોય રમતો
રે ભાઈ શબ્દ રહી ગયો રમતો. ૧

એ રે શબ્દના પડછંદા કોઇ
ઝીલે ધણીના બંદા
રે ભાઇ ઝીલે કોઇ બાજંદા;
ડમરાં ને ડાહ્યાં દાંત કાઢતાં,
કબર દિયે પડછંદા
ભાઈ એની કબર દિયે પડછંદા. ૨

"ડમરા ને ડાયા વીરા દેશીડા!
કાયદા ને કાનૂન ઘડજો
રે ભાઈ કાયદા ને કાનૂન ઘડજો,

* એક સ્કોટીશ કવિનું કથન છે કે 'મને ફક્ત મારા દેશનાં લોકગીતો રચવા આપો, પછી મને એવના નથી કે મારા દેશના કાયદા કોણ ઘડે છે.' એ પરથી અહીં ઉતારેલો ભાવ.

મને એકને ગળું ફુલાવી
ભજન સુણવવા દેજો
રે ભાઇ ભજન ગજવવા દેજો. ૩

ટુકડો રોટી, જળનો પ્યાલો,
મિટ્ટીનું આખર બીસ્તર
રે ભાઇ મસાણ આખર બીસ્તર,
વતન કને બસ વધુ ન માગું
ગાવા દો મને ઘર ઘર
રે ભાઇ ગાવા દો મને ઘર ઘર. ૪

કફન વગરનો નગન જનાજો;
વધુ ધૂમ નવ ખપતી
રે ભાઇ વધુ ધૂમ નવ ખપતી;
ગલી તણો કોઇ ગોખ ખુલે તો
નવ કરજો કોઇ ખફગી
રે ભાઇ ! નવ કરજો કોઇ ખફગી.” ૫

●

# બંદૂકની આડશે આખરી ગાન*

○

બનાવટી છે !
કેન્યૂટની વાત બનાવટી છે !
કો માનતા ના, ડરીએ જતા ના,
રાજાપણાને અપમાનતા ના,
ગપ્પાં પુરાણું ગનકારતા ના,
કેન્યૂટની વાત બનાવટી છે. ૧

કમાડ ભીડો, દર દ્વાર ભીડો,
જાળી અને ગોખ તમામ ભીડો,
રે મોરી ને ખાળ ખસૂસ ભીડો,
વાયુ ન પેસે, તરડોય ભીડો.
કમાડ ભીડો. ૨

* આ કાવ્ય વાણીસ્વાતંત્ર્ય પર પ્રતિબંધ મૂકતા રાજવીઓની મનોદશા કથે છે.

છિદ્રો બુર્યાં કે ?
બુદ્ધિ તણાં છિદ્ર બધાં બુર્યાં કે ?
વિચારમાં કોઈ તીનું નથી કે ?
અક્કલ વિષે એક છીંડું નથી કે ?
છિદ્રો બુર્યાં કે ? ૩

ઘનઘોર તૂટે ?
ચિંતા નહિ, છો ઘનઘોર તૂટે,
આકાશથી વજ્ર ભલે વછૂટે,
વિદ્યુત્ તણાં તેલ તમામ ખૂટે,
તો યે કુબુદ્ધિની ન ટેક તૂટે
છો આભ તૂટે. ૪

બંદૂક સાચી.
બંદૂક સાચી, બીજું જૂઠ સર્વ,
છે આપણો એ અણમોડ ગર્વ,
છે જીવવું વર્ષ કરોડ ખર્વ,
બીજું જૂઠ સર્વ. ૫

ગભરાવ છો શું ?
દ્વારો દીધાં તો ય મુંઝાવ છો શું ?
બંદૂકની આઠશ છે પછી શું ?

થાકી ગયા ? લો, જરી થાક ખાશું,
ચમકો છ શાને, કહી 'આ શું', આ શું !'
ગભરાવ છો શું ? ૬

આ ચીંથરાં છે.
છાપેલ આ કાગળ–ચીંથરાં છે !
કોણે કહ્યું કે રુધિરે ભર્યાં છે ?
ફફડી ઊઠો કાં ? ભડકા કયહાં છે ?
આ ચીંથરાં છે. ૭

ડરથી નહિ હો !
આંહીં લપાયા, ડરથી નહિ હો !
આ વાંચી લઇએ, ડરથી નહિ હો !
ધ્રૂજે કલેજાં, ડરથી નહિ હો !
ગાત્રો ગળે છે, ડરથી નહિ હો !
પ્રસ્વેદ છૂટે, ડરથી નહિ હો !
ભયથી નહિ હો ! ૮

•

# સલામો

૦

*સલામો કરું બીજના ચાંદને,
સલામો જમીંને ને આસ્માં તને!
સલામો ચમનને ને વેરાનને
ઉછેર્યો તમે એક ઈન્સાનને. ૧

દીઠાં છે ન કાશી કે કાબા અમે,
કુરાનો પુરાણો પડયાં નૈ અમે,
ન નાપાક કે પાકના ભેદની
કિતાબો અમે ઉમ્રભરમાં ભણી. ૨

અમે જે હતા ઢૂંઢતા તે જડયું
અહીં એક ઈન્સાનને દિલ ભર્યું
નયન નીતર્યું ને સબકથી સર્યું
નૂરે—વસ્લઃ એણે વતનને ધર્યું. ૩

અમો મિસ્કિનોને શી દૌલત મળી!
ગરૂરી વધી નૈ, ગઈ ઓગળી.
હતા કંજુસો કાળજૂના અમે,
ગયા વીફરી, રે ફના કાં ગમે! ૪

* મૌલાના અબુલ કલામ આઝાદને અંજલિ

# મોરપીંછનાં મૂલ

○

આભને પાદર એક ચિતારે રાવટી તાણી રે
જી રે એક ! રાવટી તાણી,
રાવટીમાં એણે રંગની લાખો પ્યાલીઓ આણી રે
જી રે ભાઇ ! કૂરડી આણી. ૧

આભને પાદર એક ચિતારે છૂબિયું માંડી રે
જી રે કાંઇ છૂબિયું માંડી,
છૂબિયુંમાં એણે છેલ છોગાળાં માનવી આલેખ્યાં રે
છોગાળાં ! માનવી આલેખ્યાં. ૨

આભને પાદર છેલછોગાળાંની ભીડ જામી ગૈ રે
જી રે ભાઇ ! ભીડ જામી ગૈ,
ભીડમાંથી એણે તારવ્યાં નેણાં કામણગારાં રે
નેણાં કો'ક કામણગારાં. ૩

આભને પાદર આપમોહ્યાં કૈક દોડતાં ઘાયલ રે
જી રે ભાઈ ! દોડતાં ઘાયલ,

ઘાયલો કેરા સાદ સુણી જાગી શેરીએ શેરી રે
જાગી કાંઇ શેરીએ શેરી. ૪

'આભને પાદર હીંડ 'લ્યા ગાયક!' કોણ બોલાવે રે
જી રે મુને કોણ બોલાવે!
એ રે બોલાવણહારને એક સંદેશડો આપું રે
સાદો સંદેશડો આપું. ૫

આભને પાદર કેમ આવું! મારી શામળી સુરત રે
જી રે! મારી શામળી સુરત,
શામળાં કાળમુખાં કેરાં ચીતર ક્યાંય ભાળ્યાં છે રે
જી રે ભાઇ! ક્યાંય ભાળ્યાં છે? ૬

આભને પાદર રંગ–ચિતારાને આટલું કે'જો રે
જી રે ભાઇ! આટલું કે'જો,
આટલું કે મુંને ચીતરી આપે મોરનું પીંછું રે
નાનું એક મોરનું પીંછું. ૭

આભને પાદર ગોતજે રે વીરા! નેણુલાં એવાં રે
ઘેરાં ઘેરાં નેણુલાં એવાં,
આસમાની જેની મોરપીંછાને કાળજે ઓપે રે
પીંછાને કાળજે ઓપે. ૮

આભને પાદર તે દિ' લાવું મારા એકતારાને રે
જી રે મારા એકતારાને,
એકતારા કેરે છોગલે ભરજો મોરનું પીંછું રે
નાનું એક મોરનું પીંછું. ૯

આભને પાદર ગેબ ચિતારાને મૂલ ચુકાવું રે
બીજાં તો શું મૂલ ચુકાવું !
છોગલાળો મારો એકતારો ગાશે ગીત, હું નાચું રે
પાયે બાંધી ઘૂઘરું નાચું. ૧૦

## એક ડાંગે એક ડચકારે

o

એક દિ' ઠાકર ભાન ભૂલ્યો
એણે તાણેલ ભેદનો લીટો,
એકને થાપ્યો માનવી ને એણે
એકને કીધલ ઘેટો—એક દિ'. ૧.

માનવીને આવા ભેદ નો ભાવ્યા,
ભૂંસી નાખી ભેદ–રેખા;
એક ડાંગે એક ડચકારે એણે
ઘેટાં ને માનવી હાંકયાં—એક દિ'. ૨.

ધાનની મૂઠી દેખાડીને દૂરથી
હાંકિયાં ખાટકી–વાડે,
'શિસ્ત' કીધા ભેળાં શીશ ઝૂકયાં સબ
કાતિલ કાળ–કુવાડે—એક દિ'. ૩.

ઘેટાંનાં બાળની મૂઢતા એટલી,
નાખીઆ શેષ બેંકારા :
માનવી ડાહ્યો, ન મોં જ ફાડયું : એના
ખોડાણા ખંભ મિનારા—એક દિ'. ૪.

કોણ મેંઢાં, કોણ માનવી એવી
　　　　હાય ! નો 'રે'ત નિશાની :
સમરથ નીકળ્યા, શોધી કાઢી એણે
　　　　ખાંભિયું મોટી ને નાની—એક દિ'. ૫.

•

## પશુ-નકલની પ્રગતિ

૦

[ મનહર ]

પ્રભુતાની પ્રતિમા કે પ્રતિમા પશુતા કેરી ?
હેરી હેરી આંખો મેરી માનવીને ન્યાળે છે,
પશુની નકલ કરી અકલ દેખાડનારો
શકલ પોતાની દેવતાઇ હવે હારે છે. ૧.

જનાવરો કેરો આ તો જમાનાજૂનેરો ભય,
માનવ-સૃષ્ટિમાં ભીડાભીડ ભારી જામી છે !
નકલ કરીને આગે દેખાતો અકલવાન,
હવે તો એ નકલ અસલપણું પામી છે ૨.

પશુઓ પોકારે, પ્રભુ અમારી અસલીઆત,
પાશવતા અમારી તો આમ મારી જાય છે
નકલપણાનો તું ય દિસે છે ઉસ્તાદ કોક,
અસલ પ્રભુને તેં ય લૂંટેલો દેખાય છે ! ૩.

●

# અભેદને આરે

○

(વસંતતિલકા)

*આ એક જાનવર ને વિદ્વાન બીજો;
એવા કુભેદ કરજો ન અમારી વચ્ચે;
ભાળે ન સામ્ય અમ બેઉની વચ્ચ અંધા
કાં કે અમે લઘુમતીઃ બહુસંખ્ય તેઓ! ૧

જ્ઞાની અમો ઉભય, રે નિરખો અમારાં
ડાચાં પરે જ શું ન અંકિત દિવ્ય પ્રજ્ઞા?
પ્રેમી અમે શું કમ એકબીજાથી? બોલો!
સૌંદર્ય શું ઉભયને નયણે ન સ્પષ્ટ? ૨

દૂરત્વ એ જ દુઃખ છે! પશુને મનુષ્યો
દૂરે ધકેલી સરસાઇ બડાઇ મારે,
રે માનવી અવર માનવને હટાવી,
સૌંદર્યશીલ, બહાદુર ઠરે છ પોતે. ૩

●

* 'વૈજ્ઞાનિક અને વાંદરો'-બેઉના એક ચિત્ર પરથી.

## જુદાઇના જંગલમાંથી

○

[ રેખતાની લઢણમાં ]

તેં જુદાઇ દીધી તો ભલે જ દીધી
મને ફેર મેળાપ કરાવીશ મા !
ને વિદાય દીધી તો ભલે જ દીધી
મને ફેર એ દ્વાર દેખાડીશ ના !

૨.

મનમેળ તૂટ્યા તે તૂટ્યા જ રહો
એનાં સીવણ સાંધણ હોય નહિ,
ઉર–આરસીના ટુકડા જ રહો,
એના રેવણનો રસ હોય નહિ.
ભર્યાં ભાણેથી એક જાકાર કહો,
પછી કોળીડે સ્વાદ કો' હોય નહિ,
ફિટકાર દઇ ખમકાર કહો,
રણકાર એનો હૈયે હોય નહિ.

૩.

ધર્યો હાથ તે વાર તાળી ન દીધી
  પછી તાળી સો વાર દીધી ન દીધી,
'ચલો સાથ' વદી જુદી વાટ લીધી
  પછી વાટ ચિતાની લીધી ન લીધી;
પીવા અંજલિ એક જો જીવ ડર્યો
  પછી હેલ્યની હેલ્ય પીધી ન પીધી,
પેલી રાત દો બાત મીઠી ન કીધી,
  પછી લાવન લાખ કીધી ન કીધી.

૪.

કરૂં આશ કોની ? નવરાશ કોને ?
  ઊંચે શ્વાસ આ આલમ ધાઇ રહી,
વેરૂં ફૂલ નિસાસાનાં ઘાટ કિયે ?
  આંહીં છાતીએ છાતી ભીંસાઇ રહી;
આંહીં ઝાંઝરના ઝણકાર પગે પગ,
  પાની હીના-રંગ છાઇ રહી,
મારાં ફૂલ નિસાસે બફાઈ રિયાં
  અડવા પગ ક્યાંય દેખાય નહિ.

૫.

અડવે પગ આવ ચલી, શરમા નહિ,
　　મેંદી પીસી મેં કટોરા ભર્યા,
ઘનઘોર નિરાશાનાં મોતીને ઘૂંટીને
　　શીતળ મેં સુરમા સંઘર્યા;
બીજાં કાજળ હોય બજારૂ જો નેનોમાં
　　ધોઇ લે, આ દિલ–હોજ ભર્યા;
બીજી લાલી જો હોય લગી પગપાનીએ
　　નાખ લુછી, આ લે ઠીકરડાં.

૬.

કવિ કૂડ કહે, કદી માનીશ ના,
　　એને ગામ ગુલાબોની બાગ નથી;
એના બોલની ડોલરમાળ તણા
　　એના આંગણમાં જ સોહાગ નથી;
એના કોકિલ–કંઠ કુહાવનહાર કો
　　સાખભર્યા ત્યાં ન અંબ લચે,
એની ભોમ ને વ્યોમ વચ્ચે રજ–ડમ્મર
　　મોત તણા તાતા થંભ રચે.

●

# ધીમાં ધીમાં લોચન ખોલો રે

○

[ ગરવે નેજા ઝળોળ્યા—એ ભજન ઢાળ ]

હળવાં હળવાં લોચન ખોલો
ધીમાં ધીમાં લોચન ખોલો રે
સંહારના સ્વામી ! થોડા ડોલજો હો જી ૧.

ભમ્મરથી ભુકમ્પોને ખેરજો હો જી.
દેવા ! પાંપણુને સૂપડલે
સ્વામી ! પાંપણુને સૂપડલે રે
સોજો ધરતીનાં કસ્તર ઝાટકી હો જી. ૨.

મીટુંમાં માંડો માલિક ! ત્રાજવાં હો જી.
ત્રણે ખંડોને લ્યો તોળી
ચૌદે બ્રહ્માંડોને તોળી રે
સાંધણુ નવ રાખો એકે વાલનાં હો જી. ૩.

દગ રે ટાઢી ને હેમાળે ભરી હો જી.
દીઠે દાવાનળ ચેતાવ્યા
ચોગમ હુતાશન ચેતાવ્યા રે
સળગ્યા સિંધુ ને સળગ્યાં સાયરાં હો જી. ૪.

માથે વીંટાળ્યા ધણીએ રાફડા હો જી.
ભીતર બોરીંગો ફુંફાડે
જાગ્યા વાસંગી ફુંફાડે રે
ભાગ્યા વાદી ને ભાગ્યા ગારૂડી હો જી. ૫.

ભીડી પલાંઠી અવધુ બેસિયા હો જી.
એનાં અણુચલ છે યોગાસન
એનાં મૂંગાં મૂંગાં શાસન રે
શબ્દ વિણુ હાકમ ! સત્તા હાલતી હો જી. ૬.

કેને નવ મેલ્યા કેને મેલશે હો જી,
સ્વામી સૌનાં લેખાં લેશે
વારાફરતી લેખાં લેશે રે
ખાતાં સૌ સૌનાં ખતવી રાખજો હો જી. ૭.

સંહારના સ્વામી ! તારો વાંક શો હો જી !
તમને ઢંઢોળી જગાડયા
ધુંણી ધફોડી જગાડયા રે
જગવણહારાને જુગતે ઝાલજો હો જી. ૮.

સંહારનાં સ્વામી ! તુંને વંદના હો જી.
તું છો શિવ અને છો સુંદર
તું છો સત્ય અને છો મંગળ રે
આખર તો એવા રૂપે રાજજો હો જી.

ઘેરાં ઘેરાં લોચન ખોલો
ગાઢાં પાંપણનાં પડ ખોલો રે
સંહારના સ્વામી ! થોડા ડોલજો હો જી.*

*શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીની એક શિલ્પાકૃતિ ( શિવ-સંહારક ) પરથી સ્ફુરેલું.

●

## વિભાગીકરણ


| ભજનો | | પાનું |
|---|---|---|
| ૧ | શબ્દોના સોદાગરને | ૧ |
| ૨ | નવાં કલેવર ધરો | ૫ |
| ૩ | ભ્રાંતિ | ૬ |
| ૪ | હજી શું બાકી હશે | ૭ |
| ૫ | અદીઠી આગના ઓલવનારા | ૧૦ |
| ૬ | હિન્દીજન તો તેને કહીએ– | ૧૪ |
| ૭ | ધરણીને દેવ સમાં વરદાન | ૧૯ |
| ૮ | નધણીઆતી નથી | ૨૧ |
| ૯ | નિરર્થક તૈયારીઓ | ૨૩ |
| ૧૦ | જન્મભોમના અનુતાપ | ૫૩ |
| ૧૧ | અણવંચાયેલા અગમ સંદેશા | ૬૫ |
| ૧૨ | તકદીરને ત્રોફનારી | ૭૪ |
| ૧૩ | ગરજ કોને ? | ૮૫ |
| ૧૪ | વધુ ન માગ્યું | ૮૮ |
| ૧૫ | મોરપીંછનાં મૂલ | ૯૪ |
| ૧૬ | એક ડાંગે એક ડચકારે | ૯૭ |
| ૧૭ | ધીમાં ધીમાં લોચન ખોલો રે | ૧૦૪ |

રાસના ઢાળમાં

૧૮ સમશેર તારી બોઠી પડી રે. ઢાળ–'ભેટે ઝૂલે છે તલવાર' . . . ૧૨
૧૯ લોકેશ્વરનો સેતબંધુ . . . . . . ૧૬
૨૦ વર્ષા . . . . . . ૧૭
૨૧ મને વેચશો મા ! . . . . . ૨૨
૨૨ કેમ કરે, કાયદો ને ! . . . . . ૨૬
૨૩ દૂબળાની નારી . . . . . . ૨૮
૨૪ પરદેશીઓને : પાતકીઓને : યોદ્ધાઓને . . ૩૨
૨૫ સાહિત્યની બારમાસી . . . . ૬૭

ખંડકાવ્યો

૨૬ કાંતનારાં . . . . . . ૩૩
૨૭ ફાટશે અગ્નિથંભો ને– . . . . ૪૨
૨૮ જતીન્દ્રનાં સંભારણાં . . . . . ૫૬
૨૯ યજ્ઞ–ધૂપ . . . . . . ૭૭

છંદબદ્ધ લઘુકાવ્યો

૩૦ પૃથ્વીનાં સાવકાં બાળ . . . . . ૧૮
૩૧ બજો બજો ગંભીર ઘોર આરતી . . . . ૩૯
૩૨ હસતા હિમાદ્રિને . . . . . ૪૧
૩૩ હજુ કેટલાં ક્રંદન બાકી ? . . . . ૪૪
૩૪ કાળનું વંદન . . . . . . ૪૫
૩૫ હું બધાયનો ગુલામ . . . . . . ૪૬
૩૬ સંધ્યા વેળા . . . . . . ૪૮
૩૭ પુત્રની વાટ જોતી . . . . . . ૫૦
૩૮ બંદૂકની આડશે . . . . . . ૯૦

૩૯ પશુની નકલ . . . . . . . ૯૯
૪૦ અભેદને આરે . . . . . ૧૦૦

ચારણી ડીંગળ ઢાળો

૪૧ ગરીબોદ્ધારની ચાલાકીઓ . . . . . ૩૦
૪૨ ખમા ખમા લખ વાર . . . . . ૫૧
૪૩ ભર ભર છાંટું અંજલિ . . . . . ૫૫
૪૪ મોતનાં કંકુઘોળણુ : ઢાળ—ગજગત્તિ છંદ . . ૭૯
૪૫ અસહ્ય વાત . . . . . . . ૮૧
૪૬ શૅાફરની દિવાળી . . . . . . ૮૨
૪૭ જુદાઈના જંગલમાંથી . . . . . . ૧૦૧

ઈતર

૪૮ કોઈ પૂછે કે . . . . . . . . ૪૯
૪૯ દ્યો ઠેલા . . . . . . . ૨૫
૫૦ નૂતન યુગના જોગંદર જગદીશને . . . . ૫૯
૫૧ અનાદર પામેલી લેખિનીનો પત્ર . . . . ૪૦
૫૨ ઉચ્ચ મસ્તક . . . . . . . ૭૩
૫૩ સલામો . . . . . . . ૯૩

## પ્રથમ પ્રસિદ્ધિ

આમાંનાં ઘણાંખરાં ૧૯૩૬ થી ૧૯૪૦ સુધીના 'ફૂલછાબ'માં પ્રસિદ્ધ થયાં હતાં. તે સિવાય 'શબ્દોના સોદાગરને' ૧૯૩૬ ના 'શરદ' વાર્ષિકમાં, 'કાંતનારાં' જન્મભૂમિના ૧૯૩૪ ના દીપોત્સવી-અંકમાં, 'શૅાફરની દિવાળી' 'નૂતન યુગના જોગંદર જગદીશને' 'સાહિત્યની બારમાસી' 'અનાદર પામેલી લેખિનીનો પત્ર' અને 'જુદા-

ઈના જંગલમાંથી' એટલાં 'જન્મભૂમિ' માં પ્રકટ થયેલાં. 'વર્ષા' ૧૯૩૫માં 'બે ઘડી મોજ'માં છપાયું હતું.

'વીર જતીન્દ્ર' 'યજ્ઞધૂપ' અને 'મોતનાં કંકુઘોળણ' વર્ષો પર એક નાના સંગ્રહમાં મૂકેલાં, પણ એવા ત્રણેક નાના સંગ્રહો વિખેરી નાખીને એનાં આ બે સિવાયનાં બધાં 'યુગવંદના'માં ઉમેરી દીધેલાં; આ ત્રણ રખડુ મેંઢાં બહાર રહી ગયેલાં એને આજે આ વાડામાં પૂરવામાં આવે છે.

'તકદીરને ત્રોફનારી', 'ગરજ કોને' અને 'વધુ ન માગ્યું' એ ત્રણે અપ્રકટ નવલાં છે.

## અનુવાદો

અનુવાદો ફક્ત પાંચ છે : 'કાંતનારાં' 'ધરણીને દેવ સમાં વરદાન' 'અનાદર પામેલ લેખિની', 'નૂતન યુગના જોગંદર જગદીશને' અને 'ગરીબોદ્ધારની ચાલાકીઓ'. આની અસલ કૃતિઓ આજે હાથવગી હોત તો સરખામણી સમજવા માટે અહીં શામિલ કરત. એ ન સાચવ્યાની બેદરકારી સાલે છે.

## ચિત્રો પરથી સૂઝેલાં

'લોકેશ્વરનો સંતબંધુ' ફૈઝપુરની પ્રથમપહેલી ગામડે ભરાયેલી મહાસભાનું સ્મરણ અંકિત કરે છે. કેટલાંક ગીતો ચિત્રો પરથી રચાયાં છે : 'પૃથ્વીનાં સાવકાં બાળ' એ શ્રી. કનુ દેસાઈના 'ભાઈ બહેન' પરથી; 'મને વેચશો મા' એક ગરીબના યુરોપી ચિત્ર પરથી : 'ઘો ઠેલા' એક યુરોપી ચિત્ર પરથી; 'કેમ કરે કાયદો ને' એક હાથ કપાયેલા, રાજસ્થાની કારખાનાના મજૂરની છબી પરથી : 'હસતા હિમાદ્રિને' હિમાલયના નંગા શિખર પર

પરદેશીઓના આરોહણ પરથી : 'હજુ કેટલાં ક્રંદનો બાકી છે' એ સ્પેનીશ જાદવાસ્થળીમાં ખપેલા એક પુત્રના શબ ઉપર આક્રંદ કરતી માતાની તસ્વીર પરથી : 'કાળનું વંદન' સ્વ. તિલક મહારાજની, ચોપાટી પરની પ્રતિમા પરથી : 'ફાટશે અગ્નિથંભો' એ એક જાતે દોરેલા કાર્ટૂન પરથી ઉતારેલ છે. 'પુત્રની વાટ જોતી' રાજકોટના સ્વ. ઠાકોર ધર્મેન્દ્રસિંહજીના એક કાર્ટૂન પરથી : 'અસહ્ય વાત' એક ચીનાઇ જનેતાના ચિત્ર પરથી : 'બંદૂકની આડશે' એક કાર્ટૂન પરથી : 'મોરપીંછનાં મૂલ' આ સંગ્રહમાં મૂકેલા મુખપૃષ્ટના ચિત્ર પરથી : 'ધીમાં ધીમાં લોચન ખોલો' શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીના, મોડર્ન રીવ્યુના જુલાઈ ૧૯૪૦ ના અંકમાં આવેલી શિલ્પકૃતિ 'Shiva The Destroyer' પરથી.

'દૂબળાની નારી' જો કે 'યુગવંદના'માં મૂકેલ 'સાંથાલની નારી'ની અનુકૃતિ છે છતાં એ પણ હરિપુરા મહાસભાનું વિઠ્ઠલનગર બાંધવામાં માટીનો ટોપલો વહેતી એક યુવતીની તસ્વીર પરથી છે.

## ટિપ્પણ

**શબ્દોના સોદાગરને** (પા. ૧) : 'ખાંપણમાં ય તારે ખતા પડશે' = તારા શબને કફન પણ નહિ મળે. હોથલની લોકકથામાં એક કચ્છી દુહો છે. તેમાં એ પ્રયોગ છે:

'જો વિસારૂં વલહા ! ઘડી એક મુંજા ઘટમાં,'
'તો ખાંપણમાં ય ખતા, મરણ સજાયું નહ મળે.'

**નવાં કલેવર ધરો !** (પા. ૫) : હંસલા=જીવાત્મા. ચુગો=ચણો. બરો=ફ્વાબ. અનહદ=અનંતતા. હે જીવ ! તારી ભૂલથી પણ એક વાર

જો તું બહાર નીકળી જ પડેલ છે તો હવે નિષ્કપટ, નિર્દંભી રહીને નિઃસીમ સૃષ્ટિમાં ઉદ્યમ ખેડજે.

**હજી શું બાકી હશે** (પા. ૭) : અસલનું એક આગમ–ભજન છેઃ

'દેવાયત પંડિત દા'ડા દાખવે
'સુણો તમે દેવલદે નાર
'આપણા ધણીએ સત ભાખિયાં
'જૂઠડાં નહિ રે લગાર
'લખ્યા રે ભાખ્યા રે એ દિન આવશે.'

એ ભજનમાં 'ઓતર થકી રે સાયબો આવશે' એવા કોઇ પૃથ્વી–પાપ ધોવા આવનાર પુરુષની આગાહી છે.

**સર્જનસંહારની જોડલી** (પા. ૮) : સર્જનને, રચનાશક્તિને અહીં 'બાળી' એટલે બાલિકારૂપે કલ્પી છે. એટલે જ એ પા પા પગલાં–નાનાં પગલાં માંડે છે. રચનાકાર્યને હમેશાં સમય લાગે છે. આખરે 'સંહાર ધા દેતો ધાયો,' કેમ કે એણે કરેલા વિનાશ પર તો સર્જનશક્તિએ નવનિર્માણ કર્યું. આખરે તો એ પોતેય નાસીને જાય ક્યાં? ચોમેર સર્જનનાં યશોગાન સંભળાયાં. પોતે પરાજય પામ્યો એટલું જ નહિ પણ નાસી જઇ ન શકવાથી સર્જનને જ શરણે આવ્યો.

**અદીઠી આગના ઓલવનારા** (પાનું ૧૦) : શરાબખોરી એ કલેજાંને જલાવતી અદૃશ્ય આગ છે. એને 'ભીતરની ભઠ્ઠી' કહી, 'આત્માની તુરંગ (જેલ)' કહી. 'જમરખ (દીવડો)'=યમથી રક્ષા કરનાર.

**હિન્દીજન** (૧૪) : 'વૈષ્ણવ જન તો તેને કહીએ' એ સુપ્રસિદ્ધ પદની હળવી અનુકૃતિ ('પેરોડી') છે. અસલની કેટલીક કડીઓનું અનુકરણ કર્યું છે તે મેળવી જોવા જેવું છે.

**વર્ષા** (પા. ૧૭) : વર્ષાને કાઠિયાણી રાજબાળા કલ્પી છે. 'સંધ્યાને તીર એક અખ્તરિયો જોધ ને ઘોડલાની જોડય'=વર્ષાના દિનની સંધ્યા-વેળાએ પશ્ચિમ દિશાને આભઆરે રચાતી કોઈ ઘોડેસવાર જોદ્ધાની વાદળી–આકૃતિ. બેલાડય ચડી=એક ઘોડેસવારની પીઠ પાછળ બીજું ચડે તે 'બેલાડય ચડયું' કહેવાય. વરસી રહેલી ઋતુ રાજબાળાને એવા કોઈ પિયુ સાથે નહાસી જતી કલ્પવામાં આ વર્ષાસંધ્યાઓની વાદળ આકૃતિઓ વિષેની નરી Phantasy છે. વીજળ–સનકાર=વીજળી રૂપી નયન–ઈસારો.

**ધરણીને દેવ સમાં વરદાન** (પા. ૧૯) : 'પૂર્વ પચ્છમને ગગન કેડલે...' એ પહેલી કડીમાં વૈજ્ઞાનિક હકીકત છે, કે આકાશવાણીની સ્વર–લહરો (Sound–waves) પણ પૂર્વમાંથી પશ્ચિમમાં ગતિ કરે છે. સર્જનહારે અમરોને દીધેલ વરદાન મર્ત્યભૂમિને ય દીધેલ છે, એટલે કે સૂર્યદેવના રથને જે ગતિ–દિશા દીધી છે તે જ ગતિદિશા ધરતીની આ સ્વરવાહક વૈજ્ઞાનિક શક્તિઓને દીધી છે.

**નધણીઆતી નથી** (૨૧) : સૌરાષ્ટ્રની તાલુકદારી વસ્તીને ગાય કલ્પીને, તેને પોતાને તાબે કરવા મથતા રાજવીઓ રૂપી ગોવા-ળોની તાણાખેંચના રૂપકમાં મૂકેલ છે. આથેય=કોઈ પણ. નાદાર= તાકાતહીન. ગોકળી=ગોવાળ. ચામ=ચામડું. ગેલા = ઘેલા. વાંભ= ગોવાળ ધણીનો પશુને બોલાવતો સાદ.

**ધો ઠેલા** (પા. ૨૫) : સમાજરચનાના અત્યારે ખોટકાઇને અધવચ્ચે અટકી પડેલા યંત્ર-વાહનને ધકેલા દઈ દઈ મુકામ પર પહોંચાડવાની શ્રમ-જીવીઓની તમન્નાને બિરદાવતું નાદપ્રધાન ગીત. 'હઅેલા' શ્રમોત્તેજક સ્વર માત્ર : જેમ ધોતા ધોબીનું 'શાયોરામ', જેમ નાવિકોનું 'હઅેશ' વગેરે.

**ગરીબોદ્ધારની ચાલાકીઓ** (પા. ૩૦) : 'એનાં બાળોને એક નિશાળ બાળો, બાળો નર્સ થોડી...બાળો=તિરસ્કારપૂર્વક આપો.

**કાંતનારાં** (પા. ૩૩) : આમાં એક પૌત્રી (પોતરી) અને એક દાદી, બે કંગાલ પાત્રો વચ્ચેનો મધ્યરાત્રિ વેળાએ રેંટીઆની મજૂરી કરતે કરતે થયેલો વાર્તાલાપ છે. અંતર પુરાયલાં હતાં=અભેદ વ્યાપી રહ્યો હતો, કેમકે કંગાલીઅતે બેઉની હાડપીંજરવત્ સ્થિતિ કરી નાખી હતી.

'અહીં કાંતું, તહીં કોને... = દેહદૌર્બલ્ય અને રાત્રિના થાકને કારણે તૂટી જવા લાગેલા કાંતણ-તાર, કોઈ દ્વેષી હરીફ સ્ત્રીની નજર લાગતાં તૂટતા હોય, ને આંહીં કાંતેલા સૂતરની છલોછલ કોકડી (શગ) એ કોઈ બીજીને રેંટિયે ચડતી હોય તેવો વહેમ. 'નક્કી આ પૂણીના રૂની ગોઝારી..'= ત્યાં પણ એવી જ એક લોકમાન્યતા સૂચવાઈ છે : આ પૂણી બરાબર ન કંતાવાનું કારણ, તેનું રૂ જ્યાં ઊગેલ હશે તે ખેતરની ધરતી પૂર્વે કોઈક નિર્દોષોની હત્યાઓમાંથી રેડાયેલાં રુધિરે ભીંજાઈ હશે તે હોવાનું એ યુવતી માને છે.

આમાં થોડા માત્રામેળના ભંગો છે તે આ મુજબ સુધારવા—

અંતર પુરાયલાં હતાં = **અંબાયાં અંતરો હતાં**

જીવનમૃત્યુની પૂણીઓ = **પૂણી જીવનમૃત્યુની**

તોપના ગલોલા = **ગોળલા તોપના**

વરસિયા હશે ત્યાં = **વરસિયા ત્યાં હશે**

સીંચતાં હતાં જ્યાં અમીનાં દૂધલાં = **સીંચતાં જ્યાં હતાં થાનથી દૂધલાં**

રહેલી ધરામાં વાવિયાં હશે બી = **રહેલી ધરામાં હશે વાવિયાં બી**

અહીં કો વાંઝણી = **કો અહીં વાંઝણી**

મચ્યા' તા કેર = **કેર મચ્યા હતા**

ચિતાઓ ત્યાં બધે = **ત્યાં ચિતાઓ બધે**

અભુલ્યું ભૂલવા ભજું છું નાથને = **ભૂલવા એ બધું છું ભજું નાથને**

આછી વણાવી છ ચૂંદડી = **વણવી આછી ચૂંદડી.**

કાંતનારીના છૈયાને ખાંપણમાં ય ખતા પડી = **કાંતનારી તણે દ્વારે, ખત્તા ખાંપણની પડી**

પ્રભુ–સરજ્યાં માનવી = **પ્રભુ સર્જેલ માનવી**

પ્રાર્થના કરી છે = **પ્રાર્થના છે કરી**

રડી છું પ્રાર્થના = **છું રડી પ્રાર્થના**

રટી છે પ્રાર્થના = **છે રટી પ્રાર્થના**

પ્રાર્થના રહી મૃત્યુની = **પ્રાર્થના મૃત્યુની રહી**

રૂડેરા શ્રીહરિ = **રૂડલા શ્રીહરિ**

જુએ છે વાટડી = **છે જુએ વાટડી**

જાણવા છતાં ઝંખાય ઉરદીવડી = **જાણતી તોય ઝંખાય ઉર–દીવડી**

નર જ્યાં ચગદાઈ મરે = **નર છૂંદાઈ જ્યાં મરે**

ભલે તો પ્રાર્થના સૂણો ભગવાન હે = **તો ભલે પ્રાર્થના સૂણ ભગવાન હે**

ઉચ્ચ શિરે ઊભા રહિયે = **ઊભીએ મસ્તકે ઊંચા**

એહવાં નિર્મળાં તેજે આંખડીઓ અમ આંજજે = આંહીં ‘આંખડી’ જ જોઇએ. ‘ઓ’ વધારાનો છે.

**બજો બજો...**(પા. ૩૯) : આમાં પણ પહેલી આઠ પંક્તિઓના શુદ્ધ વંશસ્થના માત્રામેળમાં મૂકવી હોય તો નીચે મુજબ પાઠ લેવો—

'તમે ગીતા પાઈ, પચાવી ને અમે
'તમે ગયા ગાઈ, ભૂલી ગયા અમે
તમે ત્યજ્યાં શસ્ત્ર—સમર્થની છટા,
અમે ય નિઃશસ્ત્ર—અશક્તની અદા!
બજાવી તેં વેણુ ન સાંભળી અમે!
ચરાવી તેં ધેનુ, પૂજ્યા ખીલા અમે.'

**હસતા હિમાદ્રિને** (પા. ૪૧) : આંહીં વૃત્ત શુદ્ધ વંશસ્થનુ લીધું નથી, પણ થોડી મોકળાશ આપવા નવો પ્રયોગ કર્યો છે.

**ફાટશે અગ્નિથંભો** (પા. ૪૨) : આમાં કડી ત્રીજીમાં પ્રહ્લાદ-કથાનું રૂપક પરોવાયું છે, પણ અવતાર રૌદ્ર કોઈ નૃસિંહનો નહિ, કલ્યાણી અંબાનો, જગજ્જનનીનો વાંચ્છયો છે.

**હજુ કેટલાં ક્રંદનો...** (પા. ૪૪) : આમાં પણ માત્ર શુદ્ધિ આટલી કરવી:—

'પુત્રોને ઝેરના પ્યાલા, પીવાડીને સુવાડજો'

* * *

'ક્યાં તો આંસુ જલાવી દે, ચેતાવો અગ્નિ-ઝાળને'

* * *

'ઝંઝેડો તખ્ત ને તાજો, પ્રલયંકર ચંડિ હે!'

**કેમ કરે કાયદા ને** (પા. ૨૬) : 'કંપનસન' એટલે કોમ્પેન્સેશન, કારખાનામાં ઈજા પામનાર મજૂરને અપાતી નુકશાની. માજન=મહાજન કહેવાતા શેઠીઆ.

**જન્મભોમના અનુતાપ** (પા. ૫૩) : ગાંધીજી રાજકોટના પ્રજાસંગ્રામમાં ઊતર્યા, રાજ–કોલ પળાવવા ઉપવાસ કર્યા, એ પ્રતાપ પોતે દેશી રાજ્યોની પ્રજાનાં યુદ્ધોમાં સાથ નથી પૂરતા એવાં મેંણાંટોણાંનો હતો. નુગરી=ગુરુ વગરની. એ શબ્દમાં પ્રજાનું શ્રદ્ધાહીન

માનસ ધ્વનિત થાય છે. ઓરતા=ન બની શક્યું હોય તેના અફસોસ. 'જાકારો સામે કહાવિયો...'='આંહીં આવશો નહિ.' એવું અધિકારીએ કહાવી દીધેલું. વશિયલ ભોરીંગડા=વિષધર નાગો. સમાધ=દેહપાત. ખાંપણ=કોઈક બોલેલું કે ગાંધી રાજકોટને ટીંબે દેહ પાડશે તો ખાંપણ તૈયાર છે. અલખના આરાધ =અલક્ષ્ય (ઈશ્વર)નું સ્તવન.

**જતીન્દ્રનાં સંભારણાં** (પા. ૫૬) : રાજકેદી જતીન્દ્રે બંદીવાનોની દશા સુધરાવવા માટે બોંતેર દિવસનું મરણાંત અનશન ઉપાડ્યું હતું. સને ૧૯૨૯. બાણપથારી ભીષ્મની=મહાભારતના યુદ્ધમાં ભીષ્મપિતામહ શરશય્યા પર સૂતેલા. દધીચિનાં વપુદાન=અસુરોના બીજી રીતે અશક્ય એવા સંહાર સારુ દધીચિ ઋષિએ પોતાનાં હાડકાં અસ્ત્ર કરવા આપેલાં. મોરધ્વજે કરવત સહ્યાં=મોરધ્વજ રાજાને જીવતા કરવત વડે ઊભા વેરી નાખ્યા હતા.

**અગમ સંદેશા** (પા. ૬૫) : સમૈયા=સંતોના ઉત્સવને જૂની ભજનવાણીમાં 'સમૈયો' કહે છે. રૂશનાઈ=શાહી. આદુની સમાત્યું કેરા ટીંબા...."=જૂના લોકસેવક સંતોની કબરોને 'સમાત્ય' (સમાધિ) કહે છે. એના પોપડા જાણે કે ફાટે છે, ને સંતો ઊઠે છે. રામાપીર= રણમાં આવેલા ગામ રૂણેચાના મારવાડી રાજપુત્ર સંત રામદે પીર, જેમણે અસ્પૃશ્યોને ઇસ્લામમાં વટલતા અટકાવી સવર્ણો બનાવેલા. એનું મૃત્યુ જુવાનીમાં જ થયું હતું. ઘોડો અને લીલો વાવટો, એ બે આ સંતનાં ખાસ ચિહ્નો છે. પરબ=એ નામનું એક પુરાતન ધર્મસ્થાનક કાઠિયાવાડમાં છે. જેના સ્થાપક રબારી સંત દેવીદાસે મુખ્ય જીવનકાર્ય રક્તપીતિયાં કોઢિયાંને સાચવવાનું કરેલું. એની વધુ વિગતો માટે જુઓ મારું 'પુરાતન જ્યોત' નામે પુસ્તક. આકાશી ઝોળી=સંત દેવીદાસ પોતાના આ ધર્મકાર્યને માટે કોઈ પાસેથી ખેતર વાડી કે પૈસા દાણાની બાંધેલી આવક ન લેતા, પણ ગામેગામથી રોટીના ટુકડા

ભીખી લાવતા. 'અકાશી' એટલા માટે કે એ ઝોળીમાં થતી પ્રાપ્તિ અનિશ્ચિત પ્રકારની હતી; મળે, ન મળે, વત્તું ઓછું મળે. આકાશવૃત્તિ.

**સાહિત્યની બારમાસી** (પા. ૬૭) : 'રઘુપતિ રામ રૂદેમાં રેજો રે' એ જૂનો રાસડો છે, જેમાં પંદર તિથિઓના આધારે રામાયણ વર્ણવી છે. એના 'મહિમા' બનાવીને 'પેરોડી' કરી છે. કનુભાઈ=ચિત્રકાર કનુ દેસાઇ. જનાબ બુખારી=મુંબઇ રેડીઓ સ્ટેશનના ઉત્સાહી સંચાલક.

**તકદીરને ત્રોફનારી** (પા. ૭૪) : જોગી ગોપીચંદનની પીઠ રાજમહેલના ચોકમાં ગૌડ બંગાળાના યુવાન રાજા ગોપીચંદ નહાતા હતા, રૂપસુંદરી રાણીઓ એને મર્દન કરતી હતી, તે વખતે ઉપરના ગોખમાં બેઠેલી માતા મેનાવતી રડતી હતી, તેનું ઊનું આંસુ ગોપીચંદની પીઠ પર પડેલું, એણે માતાને રડતી દીઠી, કારણ પૂછ્યું, માએ કહ્યું, આવી કંચનવરણી તારી કાયાનો આખરે નાશ થશે એ વિચારી આંસુ આવ્યાં માટે એ નાશમાંથી બચવા ભેખ લઇને અમરત્વ પ્રાપ્ત કર. ને તેમાંથી જ ગોપીચંદને જોગી બનવાના સંજોગો પેદા થયા હતા. અંહીં ગોપીચંદની પીઠ માતાનાં આંસુએ ઝરડેલી, કાંટા પેઠે ઉઝરડેલી કહી છે. લાડુડા=ત્રાજવાં પાડવા માટે રંગનાં ટપકાં. સૂરતા=નજર. કાંકણી=કંકણ

**શોફરની દિવાળી** (પા.૮૨) : આ ગીત મુંબઈની દિવાળીની મુલ્કમશહૂર નગરરોશની નજરે દીઠા પછી, બેશક કલ્પનામાંથી જ પ્રસંગ ઉપજાવીને, પણ મુંબઈના મોટર-શોફરોની દશાના મૂંગા અનુભવમાં જ ઘૂંટીને રચેલું.

**ગરજ કોને!** –આ પદ ભાવનગર સાહિત્યસભાના આશ્રયે તા. ૨૧–૯–૪૦ની સાંજના સમારંભ પાસે ગાયા પછી, તે સભાના પ્રમુખ શ્રી નટવરલાલ સૂરતીએ 'ચોરાશી વૈષ્ણવની વારતાઓ'માંથી

પ્રભુની ને ગોવિંદસ્વામીની વાર્તા બતાવી. વાર્તા આમ છે કે શ્રીનાથજી પ્રભુ પોતાના ભક્ત ગોવિંદસ્વામી સાથે દડે રમતા હતા, દાવ શ્રીનાથજીને માથે હતો, એવામાં મંદિરમાં પ્રભુ–દર્શનની ટકોરી વાગી, શ્રીનાથજી ઝબક્યા, પોતે હાજર થઈ જ જવું જોઈ એ! એટલે મંદિર તરફ નાઠા. 'પૂરો દાવ દીધા વગર જઈશ ક્યાં!' એમ કહીને પાછળ દોડેલા ગોવિંદસ્વામીએ પ્રભુની પીઠમાં દડો માર્યો. પૂજારીઓએ આવીને ગોવિંદસ્વામીને પીટયા. પછી ભોગ ધરવાના ટાણે પ્રભુ થાળ જમ્યા નહિ, રુદન કરતા બેઠા. પૂજારીઓએ કારણ પૂછતાં કહ્યું કે ગોવિંદ-સ્વામીને તમે વગર વાંકે માર્યા છે, એ ભૂખ્યા દુઃખ્યા બેઠા છે, દોષ તો હતો મારો કે હું અધૂરે દાવે અંદર દોડયો આવ્યો, એને જમાડો તે પછી જ જમીશ.

મેં જીવનમાં પહેલી જ વાર સાંભળેલો આ પ્રસંગ અહીં બરાબર બંધ બેસે છે. હરિને મેં માનવનો પ્રેમી મિત્ર કલ્પ્યો છે, માનવને પોતાના પૂર્ણત્વમાં તદાકાર કરવા માટે કિરતાર સર્જનના પ્રારંભથી તલસતો મથી રહ્યો છે. માછલું બનીને...(કડી ૯–૧૦) પુરાણભાખ્યા દસ પ્રભુઅવતારો, અને ડારવીનનો ઉત્ક્રાંતિવાદ (Theory of evolution) આંહીં સૂચિત છે.

**બંદૂકની આડશે...**(પા. ૯૦) : ઇંગ્લાંડના રાજા કેન્યૂટની કથા એવી છે કે ખુશામદખોર હજૂરિયા એને કહેતા 'આ દરિયો પણ આપનો તાબેદાર છે!' ડાહ્યો કેન્યૂટ એ ખુશામદખોરની જબાનોને જૂઠી પાડી દેખાડીને જીવનભરને માટે ચેતી ગયો હતો. આ કાવ્યમાં રાજવીઓ પરસ્પર વાતો કરી એકબીજાની ચિંતા, ગભરામણ, ભય-ભીતતા વગેરેને ચુપ કરવા મથી રહેલા કલ્પાયા છે.

**સલામો...**(પા. ૯૩) : શુદ બીજનો ચાંદ ઇસ્લામીઓને માટે પુનિત ચિહ્ન છે. એને અલ–હિલાલ કહે છે. જમીં=જમીન. આસમાં=

આસ્માન. ચમન=બગીચો. સબક=પવિત્ર શબ્દો. નૂરેવસ્લ=મિત્રતાનું તેજ. મિસ્કિનો=ગરીબો. ગરૂરી=મગરૂબી.

**મોરપીંછનાં મૂલ (૯૪)** : આંહીં સર્જનહાર રૂપી ચિતારો. છૂબીયું=છબિઓ માટેનો ગ્રામ્ય શબ્દ. પોતાનાં સંપત્તિસૌંદર્ય સરજાવવા દોડતાં આત્મલુબ્ધ ટોળાંથી અલગ રહેલો ભજનિક ગાયક તો વાંચ્છે છે પોતાની કલા–સંપત્તિનાં જ શણગારસમૃદ્ધિને. એની પાસે બદલામાં દેવાનું બીજું કંઈ નથી. કિરતારદીધી કલાને જ એ કિરતાર પાસે ધરી દેવા ઇચ્છે છે.

**જુદાઈનાં જંગલમાંથી** (૧૦૨) : આમાંની પ્રત્યેક કડી છૂટું મુક્તક છે. ચારણ કવિ બ્રહ્માનંદના 'રેખતા' મશહૂર છે. લાવન=વાતો.

**ધીમાં ધીમાં લોચન ખોલો** (૧૦૪) : આ પદનો ઢાળ જે મથાળે લખ્યો છે તે નહિ પણ આ ભજનનો છે.

'ગરનારીના ઉતારા રે ભાઇ! વેલાના ઉતારા રે
'સમદર બેટમાં હોજી'

'ભમ્મરથી......' = સંહાર સ્વરૂપી વિરાટનો ભ્રૂભંગ થાય ત્ય તો ભૂકમ્પો ચાલે. એની પાંપણ હલે તે જાણે વિરાટનું સૂપડું સોવાય ને સૃષ્ટિ રૂપી અન્ન ઝટકાઈને મહીંથી પાપ દુષ્ટતા રૂપી ફોતરી કાંકર ઝટકાઈ જૂદી પડે. 'મીટુંમાં માંડો...' = એની નયન–મીટને વિરા –તુલા કલ્પી છે. એમાં ચૌદ બ્રહ્માંડોનું વજન તોળાય છે. સાંધણ=બે પલ્લાં વચ્ચે અણસમતોલતા. 'દગ રે ટાઢી...' = એની દૃષ્ટિ હિમા ચલ શી શીતળ છે છતાં એ દૃષ્ટિપાત થતાં તો દરિયામ પણ આગ લાગે છે. એ તો આજના મહાયુદ્ધનું તાદૃશ સત્ય છે ધણી=માલિક. ભોરીંગો ને વાસંગી=લોકક્ષય કરનાર હિંસાવૃત્તિઓરૂપ ફણીધર સાપો ને વાસુકીઓ. એને વશ રાખવાનો દાવો કરનાર શાસકો ને રાજનીતિજ્ઞો રૂપી વાદીઓ ને ગારુડીઓ.

●

## લેખકની અન્ય કૃતિઓ

### ( નવલકથાઓ )

| | | |
|---|---|---|
| ૨૮ | નિરંજન | ૨—૦—૦ |
| ૨૯ | તુલસીક્યારો | ૨—૮—૦ |
| ૩૦ | સત્યની શોધમાં | ૧—૦—૦ |
| ૩૧ | બીડેલાં દ્વાર | ૨—૦—૦ |
| ૩૨ | અપરાધી | ૨—૮—૦ |
| ૩૩ | જેલ ઑફિસની બારી | ૧—૦—૦ |
| ૩૪ | ધૂપછાયા | ૧—૮—૦ |
| ૩૫ | ચિતાના અંગારા ભા. ૧ | (છપાય છે) |
| ૩૬ | ,, ભા. ૨ | (છપાય છે) |
| ૩૭ | આપણા ઊંબરમાં | ૦—૬—૦ |

[ઉપલાં ત્રણેનું એક પુસ્તક તૈયાર થાય છે]

| | | |
|---|---|---|
| ૩૮ | કુરબાનીની કથાઓ | ૦—૬—૦ |
| ૩૯ | પ્રતિમાઓ | ૧—૪—૦ |
| ૪૦ | પલકારા | ૧—૮—૦ |
| ૪૧ | વંઠેલાં અને બીજાં | ૧—૦—૦ |
| ૪૨ | શાહજહાં (અનુવાદ) | ૧—૦—૦ |
| ૪૩ | રાણા પ્રતાપ (,,) | ૧—૪—૦ |
| ૪૪ | સોરઠને તીરે તીરે | ૦—૮—૦ |
| ૪૫ | સોરઠનાં ખંડેરોમાં | ૦—૮—૦ |
| ૪૬ | યુગવંદના | ૨—૦—૦ |
| ૪૭ | કિલ્લોલ | ૦—૮—૦ |
| ૪૮ | વેણીનાં ફૂલ | ૦—૮—૦ |

ઝવેરચંદ મેઘાણીનું દોહન કરેલ

# લોકસાહિત્ય

## [ ધરતીનું ધાવણ ]

સમસ્ત લોકપ્રાણમાંથી નિર્ઝરેલા સચ્ચાઈના
નીતાર સમા કંઠસ્થ સાહિત્યની મધુરી,
સહેલી ને તલસ્પર્શી મીમાંસા આપતો,
ગુજરાતનો સૌ પહેલો અભ્યાસગ્રંથ.

સાડા ત્રણસો પાનાં
પાકું પૂંઠું
એન્ટીક કાગળ

કિંમત રૂા. બે
પોસ્ટેજ સુદ્ધાંત

ફૂલછાબ કાર્યાલય : રાણપુર B. S. Ry.